॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**તંત્રી :** શ્રી તરલા દેસાઈ, ડૉ. અરુણા ઠાકર

**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG 167,
આનંદનગર, ભાવનગર-૫ ફોન નં. ૯૪૨૬૬૫૬૫૫૧

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં,
ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂ. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં આછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦

ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


# ॥ વિશિષ્ટ સહયોગ ॥

શ્રીવસંતભાઈ, શ્રીગુલાબબેન ઘણાં ઘણાં વરસોથી પનામા દેશમાં વસ્યા. પૂ.શ્રી ગુરુદેવપ્રભુનાં એક જ વાર દર્શન ૧૯૮૩ માર્ચમાં કર્પૂરવનમાં પામ્યા. સત્સંગ બીજ વવાયાં. આજે તો તે વટવૃક્ષ બની અનેકને શીતળ છાંયડી ધરી રહ્યું છે.

શ્રીદિવ્યેશભાઈ-બીનાબેન યુવાભક્તદંપતી એ વટવૃક્ષ નીચે સત્સંગની શ્રેષ્ઠ પરબ માંડી સૌના સહયોગથી શ્રેષ્ઠ સત્સંગકેન્દ્ર દ્વારા સૌને તૃપ્ત કરી રહ્યાં છે. સૌને અભિનંદન.

પનામાના સર્વ સત્સંગી સભ્યોના સહયોગથી આ અંક જનસમાજને અર્પણ કરી રહ્યાં છે.

આભાર. ધન્યવાદ.

**–'મા' સર્વેશ્વરી**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥

## ‘મા’ સર્વેશ્વરીનો સ્નેહસંદેશ

આકાશમાં ઊડો પણ ધરતીની પ્રીત ના ભૂલો.

●

નાનાં બનવામાં મઝા છે. પેલી નાની નાની કીડીના દર પર લોકો લોટ-ખાંડ સામેથી આપી જાય છે. ને પેલા હાથીને મહાવત કેવી શિક્ષા કરે છે! માટે કીડી જેવડાં જ નાનાં રહેવું. નાનાં એટલે નમ્ર, નિર્દોષ, આનંદથી ભરપૂર જીવન. વિશેષ બનો પણ નિઃશેષ રહો.



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન : ‘ક્ષણની શાશ્વતી’ | | ૩ |
| ૧ ‘શ્રી યોગેશ્વર-કથામૃત’ | ‘મા’ સર્વેશ્વરી | ૭ |
| ૨ ‘પ્રકાશના પંથે’નો અદ્‌ભુત આમુખ | તરલા દેસાઈ | ૧૦ |
| ૩ ‘પ્રકાશના પંથે’—એક પ્રતિભાવ | એક અભ્યાસી | ૧૫ |
| ૪ હસતાં-હસતાં હરિ મળે | સંકલન : સંજય પંડ્યા | ૧૭ |
| ૫ સ્મરણગંગાની ભીની લહર | જ્યોત્સ્ના ત્રિવેદી | ૧૯ |
| ૬ ‘મા’ સર્વેશ્વરીરચિત પદ અને તેની સમીક્ષા | તંત્રી | ૨૪ |
| ૭ ‘મા’ આનંદમયીનાં અભ્યાસ, આવડત અને અનુભવ | ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૨૮ |
| ૮ ‘મા’ સર્વેશ્વરીનું આંતરઐશ્વર્ય : સંક્ષેપ | ડૉ. દીપક પંડ્યા | ૩૭ |
| ૯ જીવનની શુદ્ધિ એ જ સાધના | વિમલા ઠકાર | ૪૭ |
| ૧૦ ક્રિયાકાંડોનો ઉદ્દેશ | શ્રી માતા અમૃતાનંદમયી | ૫૦ |
| ૧૧ કહે કબીર દિવાના | રજનીશજી (અનુ. ડૉ.ધર્મેન્દ્ર) | ૫૩ |
| ૧૨ ઈસુ ખ્રિસ્ત | ‘કેવળ પ્રભુપ્રેમ’ | ૫૫ |
| ૧૩ શ્રી રમણની સર્વ પ્રત્યેની કરુણા | અનુ. સૂરિ નાગમ્મા (અનુ.ભારતી-ગીતા) | ૫૮ |
| ૧૪ સાચું બોલે તે બ્રાહ્મણ | ડૉ. લક્ષ્મેશ જોશી | ૬૦ |
| 15 The meaning of Association | Swami Vivekanand | ૬૨ |
| ૧૬ તમે જ તમને મળો | ડેરેક વોલ્કોટ | ૬૪ |

# ॥ નિવેદન : 'ક્ષણની શાશ્વતી' ॥

એપ્રિલનું આગમન થતાં જ પરમ પ્રેમમયી 'મા' સર્વેશ્વરીના વિદેશગમનના ભણકારા વાગવા માંડે. ૧૦ એપ્રિલના રવિવારે 'સ્વર્ગારોહણ'માં સત્સંગીઓની ભારે ભીડ જોઈ, પૂ.'મા'એ હૉલમાં પ્રવેશતાં જ સ્લેટ પર લખ્યું : ''મા'નાં અંતિમ દર્શન હોય એમ બધાં દોડી આવ્યાં છે.'

પૂ.'મા'ના આ રમૂજમાં બોલાયેલા શબ્દોના સીધા અર્થ પર ન જતાં, એના મર્મને માથે ચઢાવીએ તો સમજાય છે કે, જીવનની પ્રત્યેક ક્ષણ પછી તે મિલનની હોય કે વિદાયની; એને અંતિમ માનીને, એ 'ક્ષણની શાશ્વતી'ને સમગ્રતા વડે જીવી લેવાય તો ભૂતકાળની ગ્લાનિ કે ભવિષ્યની ચિંતાથી મુક્ત સાંપ્રતની પ્રસન્નતા માણી શકાય.

અલબત્ત, જીવન એક અવિભાજ્ય, અખંડ, એકરસ સત્તા છે, જેના ભાગ પાડી શકાતા નથી. એટલે જે કંઈ ઘટે છે તે સમગ્રતાના અનુબંધમાં ઘટે છે. બધું જ જો પૂર્વનિર્ધારિત હોય તો જે થાય તે થવા દઈ, અનુકૂળતાને પ્રભુનો અનુગ્રહ અને પ્રતિકૂળતાને પ્રભુની નિગ્રહ કૃપા માની, શાંત ચિત્તે 'જીવનની ગતિ' સ્વીકારવી રહી. આ ગંભીર મર્મ 'મા' આપે જ તો પ્રબોધેલો છે.

અમે તો 'મા' એ દિવસે આપનાં દર્શનની, આપની સ્નેહભરી સંન્નિધિની ક્ષણ માણવા, 'સત્સંગની અરધી ઘડી'નો લહાવો લેવા આવ્યાં હતાં. કવિવર ટાગોરના એક કાવ્યમાં એક નાનકડી બાળકી એના પિતાને બહારગામ જતા રોકવા પોતાના



બે નાનકડા હાથ પ્રસારી કહે છે : 'હું તમને નહીં જવા દઉં.' એ સ્નેહાધિકારથી પ્રેરાયેલાં આવ્યાં હતાં.

જો કે, અમે જાણીએ છીએ કે, 'મા' દેશમાંથી વિદેશ જાય, જઈ શકે, પણ બાળકોના હૃદયપ્રદેશથી દૂર; ક્યાંય-ક્યારેય જઈ શકે નહીં. આપનું દેશાંતર પ્રેમમૂલક જ છે, વિદેશનાં બાળકોના પ્રેમનો હક અમે કબૂલ રાખીએ જ. સાથે શ્રદ્ધા પણ ખરી જ કે, 'Those who really meet never part.'

વળી આપ જ વારંવાર કહો છો : 'અમે તો જ્યાં જઈએ ત્યાં ગમી જાય. પ્રભુ 'સત્યપથ' કે 'સ્વર્ગારોહણ'નું વળગણ પણ રહેવા દેતા નથી.'

આપ 'અનિકેત' છો, તાત્ત્વિક દૃષ્ટિએ આપે 'અમારે દેશ શા, વિદેશ શા ? અમે તો પંખી પારાવારનાં' એ સત્ય દૃઢાવ્યું છે. અમે આપશ્રીના 'અનુરક્ત' છતાં 'વિરક્ત' હૃદયથી સુપરિચિત છીએ.

છતાં, છતાં આપશ્રીની અનવરત, સતત અજસ્ર વહેતી પ્રેમધારાથી ભીંજાયેલા અમે 'શુભાસ્તે પંથ....' પ્રાર્થતાં-પ્રાર્થતાં 'અશ્રુઅર્ઘ્ય' ધરી રહીએ તો એને આપશ્રીના વિદેશવિહારને પગલે-પગલે અમારાં 'પ્રણામપુષ્પ' તરીકે સ્વીકારવા કૃપા કરશો.

શ્રીરામ જે ક્ષણે વનવાસ સેવવા અયોધ્યાની બહાર શ્રીચરણ માંડે તે ક્ષણથી જ 'અયોધ્યાવાસીઓ વનવાસી થઈ જવાની લાગણી અનુભવે એમાં શું આશ્ચર્ય ?'

'મા' આપશ્રીના વિદેશગમનની વિદાયની પળથી જ આપશ્રીના 'સ્વદેશાગમનની ક્ષણની પ્રતીક્ષા' આરંભાઈ જાય

છે. એ આપની સહેજ જાણ સારું.

અમારા જીવનની કંઈ કેટલીય સરી જતી ક્ષણોને શાશ્વતીથી મઢી દેનાર, પરમ પ્રેમમયી 'મા' આપને કોટિ કોટિ પ્રણામ !

'મારા હૃદયના કેન્દ્રમાં તારે માટે એક દિવ્ય સિંહાસન, તારી પ્રતીક્ષામાં ઝાંખો આનંદદીપ, તું દેખા દેશે ત્યારે ઝળહળી ઊઠશે. તું આવે કે ન આવે, મારાં આંસુ સઘળી સ્થૂળતાઓને ઓગાળી નાખે ત્યાં સુધી હું તારી રાહ જોઈશ.

હું પ્રાર્થના કરું છું, તને પ્રેમ કરું છું; તું જાણે છે. હું તારી પ્રતીક્ષા કરીશ. ભલે એ અનંતકાળ સુધી કરવી પડે.

જ્યારે હું વિદાય લઈશ ત્યારે કેવળ પ્રેમ મારું સ્થાન લઈ શકશે. અહર્નિશ ઈશ્વરના પ્રેમમાં જ મગ્ન રહો અને તે પ્રેમ સર્વને અર્પો.

તમે સર્વે જે પ્રેમ ઈચ્છો છો તે પ્રેમ આત્મા અને પરમાત્મા વચ્ચેનો સંપૂર્ણ પ્રેમ છે. તમે જ્યારે ધ્યાન કરો છો ત્યારે પ્રેમ વધે છે. લાખો રોમાંચ તમારા હૃદયને રણઝણાવી દે છે. તમે જો સ્થૂળ આકર્ષણ પર તથા માનવી માટેની આસક્તિ પર કાબૂ મેળવો અને તમે જો સર્વને પ્રેમ કરવાનો તથા ઊંડાણપૂર્વક ધ્યાન કરવાનો પરિશ્રમ કરો તો તમે જેને સ્વપ્નમાં પણ શક્ય ન ગણ્યો હોય તેવો પ્રેમ તમારા જીવનમાં આવશે.'

—શ્રી પરમહંસ યોગાનંદ



# ॥ શ્રી યોગેશ્વર કથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ—દિન ૫૨**

**તા. ૭-૧-૮૩, શુક્રવાર, માગશર વદ નોમ ૨૦૩૯**

**લેનેશિયા- જોહાનિસબર્ગ**

આજે પણ દરરોજની જેમ જ ક્રમ રહ્યો. ભોજન હાથે બનાવીને કરી લીધું.

આજની મુલાકાતમાં પૂ.શ્રીએ મુલાકાતીઓ તરફથી પુછાયેલા નીચે મુજબના પ્રશ્નોના ઉત્તરો આપ્યા. આખોય વાર્તાલાપ અંગ્રેજીમાં જ થયો.

પ્રશ્નઃ ક્રોધને દૂર કરવા શું કરવું જોઈએ?

પૂ.શ્રી : પોતાની જાતનું નિરીક્ષણ કરો.

પ્રશ્ન : મંદિર કે ચર્ચમાં ઘંટ કેમ હોય છે?

પૂ.શ્રી : કેટલાક એમ માને છે કે ભગવાનને ઘંટનાદથી જગાડીએ, પણ ઘંટ તો યોગશાસ્ત્રનું પ્રતીક છે. સાધના કરતાં કરતાં સાધક આગળ વધે છે, એટલે આપોઆપ અંતઃકરણમાંથી શક્તિ જાગ્રત થતાં દસ પ્રકારના નાદ સંભળાય છે. તેમાં એક આ ઘંટનો નાદ પણ છે. મંદિર તો યુનિવર્સિટી છે. પણ એ બધાં પ્રતીકોને કોણ સમજે છે? દીવો પણ આત્માનું પ્રતીક છે, માટે જ દીવો કરવામાં આવે છે.

અન્ય પ્રશ્નોઃ

આત્મા, પરમાત્મા ને પરબ્રહ્મમાં શો તફાવત?

મૃત્યુ પછી શું થાય તે યોગીઓ જાણી શકે?

ભગવાન કૃષ્ણ જ પરબ્રહ્મરૂપ હતા?

પ્રાર્થના સ્નાન વિના થઈ શકે?

નાનાં બાળકોનાં મૃત્યુ થાય છે તે શું પૂર્વકર્મોને લીધે?

ગાયત્રીમંત્ર વિશે પ્રકાશ પાડશો?

મારા ગુરુ ભારતમાં દરરોજ નવ વાગ્યે દર્શન આપે છે, તે સમયે અહીં પાંચ વાગ્યા હોય છે. તેથી હું ત્યારે ધ્યાનમાં કૃપા મેળવવા બેસું છું પણ ઘણીવાર તે સમય ચૂકી જવાય છે. તેથી મારા ઉપર કૃપા ન થાય?

આ વિવિધ પ્રશ્નોના ઉત્તરો પૂ.શ્રીએ ખૂબ વિસ્તારથી આપ્યા.

આજે ભોજન બાદ, મુલાકાત પહેલાં. આ બંગલાની આસપાસ બાગ જેવું છે તેમાં યજમાન પૂ.શ્રીને ફરવા લઈ જાય છે. ત્યાં ફળોનાં વૃક્ષો જોયાં.

બપોરે શહેરમાં થોડું ફરવા જવાનું હતું, પણ તેમાં તો અઢી કલાક વીત્યા! પૂ.શ્રીને ફરવા જવાનો રસ નથી. શ્રી રતિભાઈના આગ્રહથી જ પૂ.શ્રી ફરવા જવા તૈયાર થાય છે.

આજે પચાસ માળના મકાન ઉપર લિફ્ટમાં ચઢવાનું બન્યું. બીજે બધે તો ગાડીમાં જ ફર્યા.

લેનેશિયામાં હજારોની સંખ્યામાં બંગલાઓ બંધાય છે. અહીં બે માળનું મકાન બાંધી શકાતું નથી. કારણ, જમીન પોલી છે. માર્ગમાં એક મોટી જેલ બંધાઈ રહી છે. તેમાં ભોંયરા-માર્ગે કેદીને કોર્ટમાં લઈ જઈ શકાય એવી યોજના છે.

સાંજે ધ્યાનની બેઠકમાં પચાસ ભાઈ-બહેનોએ ભાગ લીધો. પૂ.શ્રીએ આજે અંગ્રેજીમાં જ સમજ આપી. કારણ કે અંગ્રેજી જાણનારાઓની સંખ્યા વધુ હતી.

આજે ગુજરાતી પ્રવચનોની પૂર્ણાહુતિ થઈ. આવતી કાલે અહીંથી પ્રિટોરીઆ નામના શહેરમાં જવાનું છે.

સાંજે બટાકાપૌંઆ ને દૂધ લીધું. પછી આરામ.

હરિઃ ૐ

—મા સર્વેશ્વરી



# ॥ 'પ્રકાશના પંથે'નો અદ્ભુત આમુખ ॥

ઈ.સ. ૧૯૭૭ની ૨૪મી ડિસેમ્બરે પ્રથમવાર પ્રકાશિત થયેલા 'પ્રકાશના પંથે'ની ઈ.સ. ૨૦૦૫માં પ્રગટ થયેલી દ્વિતીય આવૃત્તિને વધાવતાં પૂ. 'મા' સર્વેશ્વરીએ જે આમુખ લખ્યો છે તે એટલો સહજ, સૂચક, માર્મિક અને સુંદર છે કે, આપણને એમ જ લાગે કે, 'સૂર્ય પોંખે છે સૂર્યને !'

આપણે ત્યાં કહેવાયું છે કે, 'દેવ બનીને દેવનું યજન કરો.' પશ્ચિમમાં કહ્યું છે કે, 'મિલ્ટન પામવા મિલ્ટન બનો.' 'અધ્યાત્મના અનસ્ત સૂર્ય' એવા શ્રી યોગેશ્વરજીની અનન્ય આત્મકથા 'પ્રકાશના પંથે' ઓળખવા-ઓળખાવવા પૂ.'મા' જાણે નવોદિત સૂર્ય બન્યાં છે.

આમુખનો આરંભ 'પ્રણામ હો પ્રકાશના પંથે'થી કરી, 'મા'ની ભાવકપ્રતિભા કૃતિની સર્જનપ્રતિભાનું ભાવભર્યું અભિવાદન કરે છે.

પછી 'સરોડાના એક બાળકે પ્રવાસ શરૂ કર્યો. એ બાળ મટી બ્રહ્મચારી કહેવાયો, એનો પ્રવાસ પુણ્યપ્રવાસ કહેવાયો. એ પુણ્યપ્રવાસી, મહાયાત્રી, પૂર્ણયાત્રી તરીકે પૂજાપાત્ર બન્યો તેની જ મંગલકથા આ પ્રકાશના પંથે.' -પૂ.'મા' જાણે એક શ્વાસે કર્તાનો પ્રયત્ન-પુરુષાર્થ એની મહત્તા, એની સર્જનસિદ્ધિનું માહાત્મ્ય સળંગ, સીધું સૂચવી રહે છે. દીર્ઘ કથન કે વર્ણનનો નહીં પણ સૂચનનો આશ્રય લેવાથી પૂ.'મા'નું કૃતિવિશ્લેષણ અત્યંત સૂક્ષ્મ અને કલાત્મક બને છે. જે 'પ્રકાશના પંથે'ના

વાચકોને જાણે between the lines (બે લીટી વચ્ચે રહેલી ખાલી જગ્યા) જાતે વાંચી લેવા પ્રેરે છે અને સુજ્ઞ વાચકો એ રસપૂર્વક વાંચી લે, સમજી લે એવી આછી રહસ્યમયતાની આભા ઊભી કરે છે.

[જેમકે, 'સરોડાનો એક બાળક' એ શબ્દો વાંચતાં જ આપણા ચિત્તમાં એક ગરીબ ખેડૂતપુત્ર પિતાવિહોણો થઈ જતાં, નવ વર્ષની વયે જ મુંબઈમાં રસોયાની નોકરી કરતા મામા રમતાશંકરની સહાયથી અનાથ વિદ્યાર્થીઓના આશ્રમમાં રહેવા આવી જાય છે; એની કારુણ્યપ્રેરક છબી ખડી થઈ જાય છે.]

'એ બાળ મટી બ્રહ્મચારી કહેવાયો.' [પરિસ્થિતિવશ બાળકનું બાળપણ એનાં નિર્દોષ મસ્તી-તોફાન કે જીદથી અસ્પૃષ્ટ રહી, એને ગંભીર-સમજુ બ્રહ્મચારીમાં રૂપાંતરિત કરી દે છે. અલબત્ત, પૂર્વસંસ્કારોને કારણે એને ભગવદ્ગીતા તેમજ મહાન સંતોનાં જીવનચરિત્રો વાંચી, જીવનને ઉન્નત બનાવવાની લગની લાગે છે.]

એટલે એનો પ્રવાસ પુણ્યપ્રવાસ કહેવાયો અને એનું સહજ પરિણમન પુણ્યપ્રવાસી, મહાયાત્રી, પૂર્ણયાત્રીમાં થયું, એ પૂજાપાત્ર બન્યો.

[શાળાકીય શિક્ષણ પ્રાપ્ત કરતાં-કરતાં એનું ચિત્ત કેવળ સાત્ત્વિકતા તરફ અભિમુખ રહ્યું. એટલું જ નહીં, સૃષ્ટિમાં સર્વત્ર જગદંબાનું દર્શન કરતા એને એક જ ધૂન લાગી, જગદંબાના સાક્ષાત્કારની ! એટલે વિદ્યાભ્યાસ સાથે-સાથે ધ્યાન-પ્રાર્થના-મૌન વગેરેના પ્રયોગો નિરંતર થવા લાગ્યા.]



પુણ્ય સંચિત કરતાં-કરતાં એ સ્વયં પુણ્ય-મહા-પૂર્ણયાત્રી બની ગયો, અરે, પૂજાપાત્ર બન્યો. યાત્રા કરતાં-કરતાં યાત્રિક સ્વયં યાત્રાસ્થળ-તીર્થ બની ગયો ! 'તેની જ આ મંગલકથા'- [અર્થાત્ વ્યક્તિમાત્રનું મંગલ એ મનુષ્યતાથી દિવ્યતા તરફ, અપૂર્ણતાથી પૂર્ણતા તરફ ગતિ જ નહીં, પ્રાપ્તિ કરી રહે એમાં છે અને તે માંગલ્ય-શુભતત્ત્વની સિદ્ધિ અહીં થયેલી છે.]

'આમુખ'ના બીજા ફકરામાં પૂ.'મા' લખે છે : 'સામાન્ય સાધકમાંથી સિદ્ધ યોગીમાં રૂપાંતર પામનારની આ મંગલકથામાં પ્રભુપ્રાપ્તિ માટેની પ્રાર્થના અને લાંબા ઉપવાસોની વ્યથાકથા વાંચવા જેવી છે.'

[પૂ.'મા' સૂચવે છે કે, આ મંગલકથા તો છે જ, અપૂર્વ આત્મબળે એક સામાન્ય સાધક સિદ્ધ યોગી બની ગયા. પણ એ મંગલકથાનો મહિમા કરી અટકી ન જતા. એની સમાંતરે જે પ્રખર પુરુષાર્થ થયો એની વ્યથાકથા પણ વાંચવા જેવી છે.

શ્રી યોગેશ્વરજી માટે કોઈએ આખે રસ્તે ગુલાબો જ ગુલાબો નહોતાં બિછાવી રાખ્યાં, એ માર્ગ અત્યંત દુર્ગમ, કાંટાળો હતો. એની પીડા કેટલી અને કેવી હતી એ કથા પણ પ્રચ્છન્ન નથી, એ અનુભવવાની છે.]

પછી 'મા' 'હરિને પામવાનો સોદો સસ્તો નથી' એ સ્વાનુભૂતિજન્ય સત્યને ઉપસાવી, આપણા ચિત્તમાં 'પરથમ પહેલું મસ્તક મૂકી પછે લેવું નામ જોને' એ પંક્તિનાં આંદોલનો ઊભાં કરી દે છે.

અને છેલ્લે 'કોઈ માનવદેહધારીને ગુરુપદે સ્થાપ્યા વિના આવડો મોટો 'આધ્યાત્મિક ઈતિહાસ' જીવી શકાય છે તે

સત્યદર્શન આ ગ્રંથ કરાવે છે.' એમ કહી [પૂ.'મા' કૃતિના મહિમાગાનમાં કર્તાનો ભગીરથ પુરુષાર્થ આપણે નજરઅંદાઝ ન કરી બેસીએ એ માટે જાણે સાવધાન કરે છે.]

'પ્રકાશને પંથે' સ્થિતિ કરી, ગતિમાન રહી, સ્વયં પ્રકાશસ્વરૂપ બન્યા શ્રીયોગેશ્વરજી ! એ હકીકત સ્વયં એક મોટો આધ્યાત્મિક ઈતિહાસ છે. આ સર્વ કાંઈ સિદ્ધ થયું, એકલે હાથે, પંડને બળે ! (પંડમાં એ જ જે બ્રહ્માંડમાં !) કેવી અદ્‌ભુત ચૈતન્યશક્તિ ! કેવી પ્રબળ આત્મશ્રદ્ધા અને કેટલી ઊંડી પ્રભુપ્રીતિ !

આમ, 'પ્રકાશના પંથે' માત્ર અનુભવગાથા, સંકલ્પકથા, મંગલકથા, વ્યથાકથા જ નથી, એક આખો 'આધ્યાત્મિક ઇતિહાસ' છે, જે લખાયો નથી, જીવાયો છે.

સરોડાનો એક નાનકડો બાળક સ્વબળે 'આધ્યાત્મિક ઇતિહાસ'નો પર્યાય બનવા સક્ષમ બન્યો. એ હકીકત આપણામાં વિસ્મય જન્માવે કે, એક સાધારણ માનવીનું આવું અસાધારણ ગજું ! પણ સાથે જ 'સોક્રેટીસના શબ્દો' એને સહજ સ્વીકૃત બનાવે : 'માણસને કેવળ તેની વાસ્તવિક સત્તાના ક્ષુદ્ર પરિવેશમાં ન જોતાં, અખૂટ સંભાવનાના પરિપ્રેક્ષ્યમાં મૂકીને જોતાં સમજાય છે કે, માણસમાં એક આશ્ચર્યજનક વસ્તુ રહેલી છે અને તે છે એનો આત્મા.'

તો પરમાત્માને પ્રાપ્ત કરવા જતાં પૂ.શ્રી યોગેશ્વરજી સ્વયં પરમાત્માસ્વરૂપ કેવી રીતે બની ગયા એનો દસ્તાવેજી ઈતિહાસ એટલે 'પ્રકાશને પંથે' આત્મકથા. આટલું સ્ફુટ કર્યા પછી



પૂ.'મા' જાણે સૂચવે છે કે, મહાન ગ્રંથો લખાતા નથી, જીવાય છે. કાગળ-પેનથી નહીં, 'સ્વયં'થી, 'સ્વયંના સત્ત્વ'થી રચાય છે. આવું સત્યદર્શન-પ્રકાશદર્શન-અમૃતદર્શન પૂ.શ્રી યોગેશ્વરજીએ 'પ્રકાશને પંથે'માં આવિષ્કૃત કર્યું છે. પરિણામે :

**'અસતમાંથી મને સતમાં લઈજા**
**અંધકારમાંથી મને પ્રકાશમાં લઈજા**
**મૃત્યુમાંથી મને અમરતામાં લઈજા'**

-આ પ્રાર્થના કોઈ 'અદૃષ્ટ' તરફ જ નહીં પણ આ 'દૃષ્ટ' કૃતિ-'પ્રકાશના પંથે તરફ, એના દૃષ્ટા શ્રી યોગેશ્વરજી તરફ પણ આપણને અભિમુખ કરી રહે છે.

આમ, શ્રી યોગેશ્વરજીરચિત-જીવિત 'પ્રકાશના પંથે' આત્મકથાનો ચૈતન્યસંસ્પર્શ પૂ.'મા' સર્વેશ્વરી જે રીતે અનુભવે છે, એનો 'સંપૂર્ણ ઉઘાડ-સઘળો આલોક' કૃતિના આમુખરૂપે એવો પ્રતીત થાય છે કે, એમાં સિદ્ધ સર્જક-ભાવકનું અદ્વૈત આપણને ધન્ય કરી મૂકે છે અને આપણે ઉચ્ચારી બેસીએ છીએ કે, 'અરે, આ તો સૂર્યને સૂર્યનાં વધામણાં છે. સૂર્યને પોંખવા સૂર્ય જ જોઈએ. અન્ય પ્રકાશદીપ ન ચાલે.'

'પ્રકાશના પંથે' પ્રતિષ્ઠિત પૂર્ણબ્રહ્મ શ્રી યોગેશ્વરજી તેમજ પ્રકાશના પંથે સતત ગતિમાન રહી, આપણને સર્વને પણ એ પંથ પર પગલાં માંડતાં જોવા ઉત્સુક જ નહીં, પ્રોત્સાહક-પ્રેરક પરમ પ્રેમમયી 'મા' સર્વેશ્વરીને કોટિ કોટિ પ્રણામ !

—તરલા દેસાઈ

# ॥ 'પ્રકાશના પંથે' : એક પ્રતિભાવ ॥

'મહાન ગ્રંથો જેટલા પૂજાય છે એટલા વંચાતા નથી.' શ્રી યોગેશ્વરજીરચિત 'પ્રકાશના પંથે' આત્મકથા એનું ઉદાહરણ છે. પરિણામ એ આવ્યું કે, શ્રી યોગેશ્વરજી દિવ્ય છે, અલૌકિક છે, પૂજનીય છે, પરમ સત્ત્વ છે, અદ્‌ભુત તત્ત્વ છે એવો અહોભાવ મોટા ભાગના લોકોના હૃદયમાં જગાડી એ ગ્રન્થ જાણે વિરમી ગયો.

અપેક્ષિત એ છે કે, ગ્રન્થના શબ્દો ચૈતન્યસ્ફુલિંગ બની, આપણા સુપ્ત ચૈતન્યતત્ત્વને જગાડે-ઢંઢોળે. ગ્રન્થ વાંચવાથી, સમજવાથી, આત્મસાત્ કરવાથી એના રચયિતા સાથે એક હૃદયસંવાદ સ્થપાય. એના શબ્દના આલોકમાં આપણું અપ્રગટ તેજ પણ ઓળખાય-પરખાય.

એક આપણા જેવી જ વ્યક્તિ પોતાના આત્મબળે કેવું કેટલું સામર્થ્ય સિદ્ધ કરે છે, એ જણાતાં વિસ્મયની સાથે સાથે સમાંતરે આપણામાં પણ એ સંભાવના છે એની આપણને જાણ થાય.

અને તો જ એ કૃતિ આપણા માટે શાશ્વત પ્રકાશનો પંથ બની રહે. બાકી એ પ્રકાશ કેવળ આપણા ભીતરી અંધારને ઉપસાવી અટકી જાય. અને સામે પ્રકાશ ઝળહળતો રહે અને આપણી આંખ બંધની બંધ રહી જાય. અને કૃતિના રચયિતા અને ભાવક વચ્ચે કોઈ ચૈતન્યતાનો કે સેતુ બંધાય જ નહીં.

શ્રી યોગેશ્વરજીની સમગ્ર જીવનયાત્રા-પ્રકાશના પંથની યાત્રાનો પર્યાય કેવી રીતે બની એનો રસમય ઈતિહાસ આપણને



આ આત્મકથારૂપે પ્રાપ્ત થાય છે. પણ આત્માની ઓળખ અને પરમાત્માની પ્રાપ્તિથી જ સંતુષ્ટ થવાને બદલે સ્વયં પરમાત્મારૂપ બની સમષ્ટિના કલ્યાણમાં રત રહેવાનો કર્તાનો સંકલ્પ કૃતિમાં સર્વોપરી રહે છે. જન્મથી માંડીને ધ્યેયસિદ્ધિની તમામ વિગતો, સઘળાં જીવનતથ્યો જાણે એની ખંડણી ભરે છે. એટલે પરંપરિત આત્મકથાઓથી આ કૃતિની ભાત બિલકુલ અલગ પડી જાય છે. પરિણામે ગંભીર 'પ્રયોજનવતી કલા'નું શિવધનુષ્ય ઉપાડનાર શ્રી યોગેશ્વરજી જાણે શ્રીરામની મુદ્રામાં આવી જાય છે. અહીં ટી.એસ.એલિયટના શબ્દો યાદ આવી જાય : 'સાહિત્યની મહાનતા કેવળ સાહિત્યિક ધોરણોથી નિશ્ચિત કરી શકાય નહીં.' (The greatness of Literature cannot be determined by literary standrards only).

ટૂંકમાં, 'પ્રકાશના પંથે' આત્મકથા એક પંથની કથા છે, પથિકની નહીં. અધ્યાત્મની સાધનાની સળંગ કથા છે, સાધકની નહીં. શ્રી યોગેશ્વરજીના જીવવાની એકે ક્ષણ ઠાલી નથી, ખાલી નથી. એના પર સતત ઝળુંબે છે જાગૃતિ, નિર્ભ્રાન્તિ સાવધાની અને સતર્કતા ! અપૂર્વ તાટસ્થ્ય, નિર્મમતાથી બધું કથાયું છે. પરિણામે આત્મકથાના સર્જક સર્વત્ર હોવા છતાં ક્યાંય દેખાતા નથી, વરતાતા નથી. એને કૃતિની ખૂબી કહો કે અભિવ્યક્તિ વૈશિષ્ટ્ય.

'He is everywhere and yet nowhere !'

—એક અભ્યાસી

# ॥ હસતાં હસતાં હરિ મળે ॥

**મંત્રમાં પાણી નથી**

કેટલાક એવા હોય છે કે જે શ્રીહરિને 'ખાસ હેતુ માટે' ભજે છે. તેઓ સ્વાર્થી કે વેપારી વૃત્તિના હોય છે.

એક ભાઈ મારી પાસે આવ્યા. મને કહે મંત્ર આપશો ?

મેં કહ્યું, તમે કોઈ વાર મંત્ર લીધેલો ? ભાઈ : હા, લીધેલો. મે કહ્યું ક્યારે ?

ભાઈ કહે : હમણાં વરસ પહેલા લીધેલો.

મેં કહ્યું : વરસ પહેલા લીધેલો તો જેમ કપડું જૂનું થાય એમ કાંઈ મંત્ર જુનો થઈ ગયો ? કે ફાટી ગયો ? કેમ પાછો લેવો છે ?

ભાઈ કહે : મંત્રમાં પાણી નથી.

મેં પૂછ્યું : મંત્રમાં પાણી નથી કે તમારામાં ? વરસ પહેલાં તમે પહેલી જ વાર લીધેલો મંત્ર ?

ભાઈ બોલ્યા : ના જી, દસમી વાર લીધેલો.

મેં કહ્યું : દસમી વાર ? દસ-દસ વાર મંત્ર બદલ્યા. હવે મારી પાસે પાછો અગિયારમી વાર લેવો છે ? મંત્રમાં પાણી નથી એમ કેમ લાગે છે ?

ભાઈએ કહ્યું : પ્રમોશન મળતું નથી. નોકરીમાં પ્રમોશન મળે એટલા માટે વરસ પહેલાં મંત્ર લીધેલો. વરસ થઈ ગયું પણ હજી પ્રમોશનનું કાંઈ ઠેકાણું નથી. એની પહેલાંના જ કેટલાક મંત્રો લીધેલા તે પરણવાનું સરળ બને એટલે લીધેલા. કેટલાક મારું મકાન થઈ જાય એટલે લીધેલા. એમાંનું કશું થયું નહીં એટલે મંત્ર બદલતો રહ્યો અને હવે અગિયારમો મંત્ર તમારી પાસેથી લેવો છે.



મેં કહ્યું : જ્યાં સુધી તમારામાં પાણી નહીં આવે ત્યાં સુધી મંત્રના પાણીની આશા ના રાખતા.

જો સાધકમાં પાણી હોય તો એને માટે નાનામાં નાનો મંત્ર પણ મોટો બની જાય છે. માણસની અંદર શ્રદ્ધા જોઈએ, પ્રીતિ જોઈએ, ભક્તિ જોઈએ. મંત્રને વળગી રહેવું જોઈએ, એકાદ વરસ જપ કરીએ અને પછીથી કહીએ કે પાણી નથી અને બદલી નાંખીએ. મંત્રની ને ગુરુની સાથે તલ્લાક કે છુટાછેડા લઈએ અને નવા ગુરુની સાથે જોડાતા જઈએ. એ રીતે તો કોઈપણ ઠેકાણે સ્થિર થઈ શકો નહીં. માટે તમે જે મંત્ર લીધો છે તેને વળગી રહો, પકડી રાખો. પ્રમોશન મળે તો પણ પકડી રાખો ને ના મળે તો પણ પકડી રાખો. આ સંસારના પ્રમોશનની ઈચ્છા આટલી બધી શા માટે રાખો છો ? આધ્યાત્મિક માર્ગમાં પ્રમોશન મળે તેની ઈચ્છા રાખો. આત્મિક માર્ગની સાધનામાં તમે ધીરે ધીરે આગળ વધો. સાત્ત્વિકતાથી વધારે ને વધારે પ્રમાણમાં સંપન્ન બનો. તેવી અભિલાષાનું સેવન કરો.

હું તમને મંત્ર નહીં આપું. કારણ કે હું મંત્ર આપું તો મારા મંત્રની દશા પણ ચાર-પાંચ મહિનામાં આવી જ થવાની ને ! પાછા તમે કોઈ નવા મંત્રને શોધશો. તમારામાં પાણી પેદા કરવાની તૈયારી કરો. ઘણા માણસો એમ કહે છે કે મંત્રમાં પાણી નથી, ગુરુમાં પાણી નથી, શાસ્ત્રમાં પાણી નથી. ખરેખર તો આપણામાં જ પાણી હોતું નથી. આપણી અંદર શ્રદ્ધાભક્તિ હોય તો આપણું કાર્ય સરળ ને સફળ બને છે.

—સંકલન : સંજય પંડ્યા

# ॥ સ્મરણગંગાની ભીની લહર ॥

પૂજ્ય અને પ્રિય કાકા/જીજી,

યાદ કરું શું, યાદ કરું હું, યાદ તમારા વિના કરું શું ? ઊઠી પ્રભાતે રોજ સવારે ચરણોમાં પ્રણિપાત કરું છું. પણ નથી રાત પડતી કે નથી પ્રભાત પ્રગટતું આંસુ આવે તો ડર લાગે કે તમારી છબી ક્યાંક વહી જશે નેત્રો બંધ થાય તો એમ થાય કે નિદ્રાથી તમારી સાથેનો વિયોગ સર્જાશે. કાકા ! સોથી વધુ કલાક તમારી વિદાયને થઈ ગયા. તમારા વિનાનું જીવન અકારું લાગે છે છતાં જીવાય છે. પણ ગમે છે. સતત તમારામય જીવાય છે.

પ્રભુ કેટલો બધો દયાળુ છે ! બિંદુ અને અજય પિનાકીનના સુકોમળ જીવનપુષ્પોની વિદાય પછી મારી જીજીએ કરેલી વિનંતી કે, 'હે પ્રભુ ! હવે અમારું એકપણ બાળક અમારી પહેલાં નહીં જાય.' પ્રભુએ એ વિનંતી તમારા બંને માટે માન્ય રાખી. બિંદુની વિદાય પછી તમારા બંનેના વેદનામય અને કરુણજીવને અમારી ગંભીર માંદગીઓમાં અને અકસ્માતોમાં અમારી પાસે તીવ્ર પ્રાર્થના કરાવી કે, 'હે પ્રભુ ! એક જ ધ્યાન રાખજે અમારાં માતા-પિતા પહેલાં અમને પૃથ્વી પરથી વિદાય ના આપતો. અને અમારા અંતરના ઊંડાણોથી થયેલા પ્રણામ અને પ્રાર્થના પ્રભુએ માન્ય રાખ્યાં.

'સહજ સમાધિ ભલી.' કબીર સાહેબની એ સાખી જાણે આપનો જીવનમંત્ર. જીવનની પ્રત્યેક ક્રિયામાં તમે કેટલા બધા



સહજ ! વિશિષ્ટ પ્રસંગોએ પણ તમે તે સહજતા કદી નથી છોડી. સહજતા તમને ગૌરવ ધરે કે તમે સહજતાને !

મનુષ્ય જીવનના મહાન શત્રુ ક્રોધ લોભ એ બંનેને આપે જીત્યા હતા. અમે જ્યારે નાની નાની બાબતોમાં અકળાઈ જઈએ ગુસ્સે થઈએ ત્યારે હંમેશાં તમે શાંત અને સ્થિર રહેતા. સ્વભાવે તમે ક્રાંતિકારી પણ કદી જ વિદ્રોહી નહીં.

તમારો જીવનમાં મોટામાં મોટો યોગ સાથે જીવવાવાળાઓની સાથે ધરેલો સહયોગ. જીજીની વિદાય પછી તમે અન્નત્યાગનો નિર્ણય લેવાના હતા. મેં સમજાવ્યા 'કાકા, કંઈક તો ખાવું પડશે નહિતર પ્રતિમાનો બોજ વધશે.' તમે ખૂબ સરળ રીતે એ વાત માની ગયા અને તમારું અનાગ્રહીપણું પણ સહયોગીપણા સાથે સિદ્ધ થયું. જીજીએ પણ બિંદુની વિદાય પછી કેરી ન ખાવાનો નિર્ણય કર્યો કહ્યું, 'જીજી, કાકાને ખૂબ કેરી ભાવે છે તને મૂકીને કેવી રીતે ખાશે ! બાળકોનું શું ?' એ પણ તરત જ એ વાત માની ગઈ. સાથે જીવવાવાળાઓનો તમે સતત વિચાર કર્યો.

તમારામાં મૂળે લોભ જ નહીં જ્યારે ૧૦૦ રૂા. પગાર પણ ઘણો ગણાતો ત્યારે મુંબઈની ૧૬૦૦ રૂા.ની આવક મૂકી તમે માત્ર પત્ની અને બાળકો ખાતર ૨૫૦ રૂા.ના પગારની નોકરી લઈ મહેસાણા ગયા. સેક્રેટરીએટમાં તમારી પાસે ખાંડ અને ઈમારતી લાકડાના લાયસન્સ આપવાની. સત્તા જેમાં માત્ર સાંજ પડે ધનના ઢગલા જ હોય તો તમે કદી એ કાળી કમાણીને તમારા જીવનમાં ન પ્રવેશવા દીધી. 'જે ધન જેવું આવે તેવું જ

જાય' તે વાત તમે તમારા જીવનમાં વણી લીધી અને અમને સહુને પણ પાકી કરાવી દીધી.

ભગવાને યોગની આપેલી વ્યાખ્યા **समत्वम् योग उच्यते ।** તમે જીવનમાં સંપૂર્ણ આચરી બતાવી. દીકરા દીકરીઓમાં ભેદ નહીં તે આજનો જમાનો હતો તમારો નહીં. તમે મને તો ભણાવી પણ બિંદુને પણ અમદાવાદ હોસ્ટેલમાં મૂકી M.A. કરાવ્યું. કમનસીબે તે પૂર્ણ ન થયું પણ તમારી પરિસ્થિતિ તે વખતે તે ભાર સહી શકે તેવી ન હતી. તેમ છતાં તમે elit of the way જઈ કર્યું.

**योगः कर्मसु कौशलम् ।** તમે જીવનમાં જ્યાં જ્યાં જે જે કાર્યો કર્યા તે શ્રેષ્ઠ રીતે જ કર્યાં. નોકરી તો ઠીક પણ માનધન રૂપે સ્વીકારેલું 'અધ્યાત્મ' માસિક તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. ૯૯મા વર્ષ સુધી એક આંખનો અસહકાર હોવા છતાં તમે દરરોજ ચાર કલાક વાંચતા. વાચકોને સર્વશ્રેષ્ઠ વાંચન મળી રહે તે માટે કાર્યરત રહેતા. ન તેમાં ભાષાની અશુદ્ધિ આવે કે ન કંઈ ગમે તેવું લખાણ. સહુ અમને પણ ફોન કરી કહે કે 'અધ્યાત્મ' ખૂબ સરસ આવે છે. એકીબેઠકે વંચાઈ જાય છે. ઘરમાં પ્રથમ કોણ વાંચે તેવી હરિફાઈ પણ થાય છે. ૪૦ વર્ષ સુધી તમે દાખવેલી નિષ્ઠા ! નથી કોઈયે અંક મોડો પડ્યો કે નથી કોઈ વાતે આગળ પાછળ થયો. એમાં મા પ્રભુની અનન્ય કૃપા કારણભૂત છે પણ તમારી નિષ્ઠાનું મૂલ્ય પણ ઓછું આંકી શકાય તેમ નથી. નથી તેમાં જીજીની માંદગી અવરોધરૂપ થઈ કે નથી તમારી પોતાની શારીરિક મર્યાદાઓ.



સુશીલામાસી કહે; 'કોઈપણ સભા નારાયણભાઈ હોય તો રાજસભા બની જાય.' વાત તદ્દન સાચી. તમે સહજ આપેલા વાર્તાલાપ કે વ્યાખ્યાનો ખૂબ મનનીય, ચિંતનાત્મક, પ્રેમમય ભાવપૂર્ણ રહેતા. શ્રોતાઓને જકડી રાખવાની તમારામાં ખૂબ સરસ શક્તિ હતી. ક્યારેક થતું વિષયાંતર પણ ખૂબ વસમું ન લાગતું.

જીવનમાં વિશાળ વાંચન. આ જીવન જાણે વિદ્યાર્થી શંકરાચાર્યના બધા જ સ્તોત્રો, ગીતા, ઉપનિષદ, પાતંજલ યોગસૂત્રના સૂત્રો મૂળ સંસ્કૃતરૂપે જ છેવટ સુધી તમને કંઠસ્થ હતા. સગાવહાલાના નામ ભૂલી જનાર તમે છેક સુધી આ બધું તમારા મગજના પેટારામાં અકબંધ રાખ્યું હતું. ઘણીવાર લાગે કે બધાં શાસ્ત્રો જાણે ઘોળી પી ગયા છો.

અંગ્રેજી ભાષા પરનું તમારું અસાધારણ પ્રભુત્વ એ અમને બાળકોને જીવનમાં આપના તરફથી મળેલો શ્રેષ્ઠ ઉપહાર છે. અંગ્રેજીમાંથી ગુજરાતી કરનાર તમે શ્રેષ્ઠ અનુવાદક. ગુજરાતી ભાષા પણ જાણે તમારા માટે ડાબા હાથનો ખેલ. આ ઉંમરે તમે કોમ્પ્યુટર અને ઈ મેઈલનો અભ્યાસ કરી પોતાની જાતને up date કરી.

તમે આર્ટસના વિદ્યાર્થી હોવા છતાં શ્રેષ્ઠ ગણિતશિક્ષક હતા. ગણિતના પાયામાં આંક અને કેટલીક બેઝીક ટેકનિકે અમને સહુને ગણિતમાં ખૂબ રસ જગાડ્યો. અરે ! અજય તો M.sc. વીથ મેથેમેટીક્સ થયો તો હું મારી જાતને શ્રેષ્ઠ ગણિતશિક્ષક સાબિત કરી શકી. જીવનનું ગણિત પણ તમે શ્રેષ્ઠ રીતે જીવ્યા. દાખલો ખોટો

હોય તો ભૂંસીને ફરી ગણાય પણ જીવનમાં એક પગથિયું ચૂકાય તો જિંદગીને એ તક ન મળે માટે તમે લાગણીશીલ અને ઉત્સાહી પ્રકૃતિવાળા હોવા છતાં જીજીના સહકારથી જિંદગીના પગથિયાંની માંડણી પણ સુવ્યવસ્થિત રીતે કરી શક્યા.

સાહિત્ય અને કલા પ્રત્યેનો તમારો અનન્ય પ્રેમ. માત્ર રચવું એવું જ નહીં પણ અન્ય વક્તાઓને પણ માણવા, સંગીત સાંભળવું આધ્યાત્મિક પ્રવચનો નાટકો ચલચિત્રો તમે ભરપૂર રીતે માણ્યા અને અમને સહુને આંગળી દોરી તે દિશામાં લઈ ગયા એટલું જ નહીં તેનું રસપાન પણ કરાવ્યું.

મૂળશંકર ભટ્ટની જેમ વાર્તા કહેવાની કલામાં પણ તમે પારંગત હતા. વેકેશનમાં રાત્રે જમ્યા પછી સહુ તમારી પાસે આસપાસ વાર્તા સાંભળવા ગોઠવાઈ જતા. અદ્ભુત સ્મરણ શક્તિને આબેહૂબ વર્ણનશક્તિને લીધે એ એટલું બધું જીવંત લાગતું કે કલાકો સુધી તે કાર્યક્રમ ચાલતો. તેમાં તમે મળેલા માણસો સાથે મુલાકાત હોય, મહાપુરુષોના જીવનપ્રસંગો હોય લોકવાર્તાઓ હોય કે શાસ્ત્રો હોય બધું જ તમે અથથી ઈતિ માંડણી કરીને કહી શકતા.

પત્રની શરૂઆતમાં કહ્યું તેમ કાકા કેટકેટલું યાદ કરીએ ! તમારી જીવનકિતાબનાં પૃષ્ઠો તો ભરેલાં જ છે. સ્મરણો વાગોળતાં વાગોળતાં જાણે સ્મરણ ગંગામાં વહી ગયાં. જાણે દેવપ્રયાગની અલકનંદા ને ભાગીરથી જેવું લાગવા માંડ્યું.

—આપનું બાળ

જ્યોત્સ્ના ત્રિવેદી



# ॥ 'મા' સર્વેશ્વરીરચિત પદ અને તેની સમીક્ષા ॥

## મને નાનો બનાવી દો

મને નાનો નાનો બનાવી દો.
મને નાજુક નમણો બનાવી દો.
નાનકડા એ નવાં નેત્રોથી
નંદનો લાલ બતાવી દો-
નાનકડી એ નવી ધરતી પર
શ્રી હરિ સંગે રમવા દો-
સૌને નમતો, સૌને ગમતો
સૌના હૈયે સ્થાપી દો-
સૌ પોતાનાં, હું પણ સૌનો
જ્ઞાનભાન એ જગાડી દો-
હરિના મંચે, હરિના અંકે
હરિમય જીવન જીવવા દો-
હરિનો પાલવ પકડી પકડી
હરિની ફરતે ફરવા દો-
સર્વેશ્વરી કર જોડી પ્રાર્થે
હરિ હરિ કરતાં હરાવી દો-

—'મા' સર્વેશ્વરી

## સમીક્ષા

'મા'નું પદ એટલે સહજ વહી આવતું કોઈ ઝરણું ! અનુભૂતિની સીધી-સાદી-સરળ અભિવ્યક્તિ. સીધું ભાવસંક્રમણ એ એનું લક્ષ્ય.

આજે આખું જગત-જગતભરના માણસો મોટા થવા, મહાન બનવાની આંધળી દોટમાં છે. આગળ જવાની હોડમાં ધક્કામુક્કી કરે છે. પરસ્પર સ્પર્ધા એટલી તો તીવ્ર છે કે બધાંને પાછળ પાડી, આગળ થઈ જવાની લાલસા છે. ત્યાં 'મા' કોઈ નવી જ વાત, જુદી જ વાત લઈ આવે છે. તેઓશ્રી પ્રાર્થે છે : 'મને નાનો બનાવી દો' એમ નહીં 'નાનો નાનો', થઈ શકે એટલે નાનો, સાવ નાનો-ટચૂકડો-જરા અમથો બનાવી દો. નાનો કદમાં જ નહીં, નાજુક અર્થાત્ ચરબી-મેદથી રહિત. 'એક તસુ વધે તો જાડો, એક તસુ ઘટે તો પાતળો' થઈ જાય, એવો એક સરખો-અર્થાત્ નમણો (સુંદર કે રૂપાળો કે રૂપનો અંબાર નહીં) જોતાં ગમી જાય, એવો મનભાવન બનાવી દો. ભારે નહીં, હળવો બનાવી દો. અહંકારી કે આક્રમક નહિ, નમ્ર સંક્રમક બનાવી દો.

કોઈનીય સાથે ભાવસંધાન સાધી દે એવું સ્વ-રૂપ આપો. નેત્રો ભલે નાનકડાં જ રાખો પણ એને નંદનો લાડકડો બતાવી દો. આ નેત્રોને કેવળ એક જ સ્પૃહા છે-નંદલાલના દર્શનની !

સમજણ પ્રગટી છે નાના રહી, વૈશ્વિક ચેતનાને પામવાની ! તો સમજણની એ 'નવી ધરતી' પર શ્રી હરિ સાથે રમવાની છૂટ માગે છે. ભેરુ હરિ જ ખપે ! સાથી-સંગી એ જ બને.

શ્રી હરિ ભેરુ તરીકે પામ્યા પછી, અક્કડ નહીં, સૌને નમતો-સૌને ગમતો (વિનમ્રતાનો સર્વ કોઈ સ્વીકાર કરે) સૌના



હૈયે સ્થાપી દો-પ્રેમનું એકચક્રી રાજ્ય !

'સૌ મારાં હું પણ સૌનો. બધાં મારાં, હું બધાંનો' બસ. કોઈ પારકું છે જ નહીં એ ભાન કરાવી દો. સૃષ્ટિમાં સર્વ સાથે એકરૂપ થયા પછી સૃષ્ટિનિયંતાના મંચે અર્થાત્ હરિના અંકે ઊંચકાઈ હરિમય રહેવાની ઇચ્છા છે.

સૃષ્ટિના સઘળા અંશો સાથે પ્રેમમય થયાથી જ અખિલાઈપૂર્ણ હરિમય જીવન જીવાય. પછી તો હરિનો પાલવ પકડી, હરિની ફરતે ફરવાનો લહાવો માણી શકાય. અન્તે કરજોડી સર્વેશ્વરી પ્રાર્થે છે : 'હરિ હરિ કરતાં હરાવી દો.' અર્થાત્ 'હું હરિ હરિ કરતી રહું હર પળ અને જગત જીતી લઉં, તમને પામી લઉં.' એમ નહીં, તમારી આગળ હારી જઉં. એમ કહેવાથી પણ અહંકાર માથું ઊંચકે. એટલે તમે જ 'મને હરાવી દો.' કર્તુત્વ તમારું જ રહે.

આમ, 'નાનો નાનો બનવાની' ઇચ્છા છેવટે હારી જવાની-સંપૂર્ણપણે નિશ્ચિહ્ન, નિઃશેષ, નહિવત્ થઈ જવાની પ્રાર્થનામાં પરિણમે છે. 'હરિ'સ્મરણ કશું યાચવા-માગવા નહીં, સર્વસ્વ અર્પવા-સમર્પવા હૃદય કેવું આતુર છે એ દર્શાવવા થાય છે. કંઈ થવાની, બનવાની કશું પામવાની વાત જ નથી. પોતાની જાતને ગૌણ-હ્રસ્વ-નિઃશેષ બનાવવાની વાત. 'હું' સ્થાપવા નહીં, 'હું' ગાળવા-ઓગાળવા તત્પર. આ પ્રાર્થના સમર્પણની વેદીમાંથી પ્રગટેલું પુષ્પ છે. કોઈ માગણી તો નહીં જ, લાગણી કેવળ લાગણી જ આમાં કેન્દ્રસ્થાને છે.

આ પદ પ્રભુ માટેની અભીપ્સાની કોઈ અનેરી સંવેદનાનો સ્પર્શ લઈ આવે છે. પરંપરાગત પ્રાર્થનાઓમાં એક નવું જ પરિમાણ સિદ્ધ કરી રહે છે.

આપણે આખી જિન્દગી વિજેતા હોવાનો ગર્વ પાંગરવા માટે મથીએ છીએ, પ્રાર્થનાને પણ એ માટે સાધન બનાવીએ છીએ, જ્યારે અહીં 'મા' હરિ હરિ કરતાં રહી જાય અને હરિ ક્યારે હરાવી જાય એની જાણ સુદ્ધાં ન રહે એવી 'સ્થિતિ' ઇચ્છે છે.

અર્થાત્ પોતે હરિસ્મરણસ્થિત રહે અને હરિ એમને હરાવી દે આ એક જ 'ભાવસ્થિતિ' 'મા' ઇચ્છે છે. આ ઇચ્છા એવી તો નાનકડી છે કે એમાં 'ઇચ્છા'ના અઢી અક્ષર પણ સમાઈ શકે એમ નથી, કદાચ 'નિરીચ્છા'નું જ આ બીજું નામ છે ! 'આ જ હરિપ્રાપ્તિનો એકમેવ રાજમાર્ગ છે.' આમ, એક નાનકડું પદ પરમ સત્યની કેટલી ઊંચાઈએ આપણને લઈ જાય છે ! 'મા'ની સર્જકતાના એક બુંદમાં જાણે આખો સાગર સમાવવાની ક્ષમતા છે.

—તંત્રી

**'ઈશ્વરની અહૈતુકી-અચાનક કૃપા'**

ઈશ્વર બાળક જેવા સ્વભાવના. જેમકે, કોઈ નાનું બાળક ખોળામાં કોઈ કીંમતી રત્ન લઈને બેઠું હોય. ઘણાય એની પાસે એ રત્ન માગે. પણ એ બાળક સાફ કહી દેશે; 'ના, હું નહીં દઉં.' પણ ક્યારેક એવું પણ બને કે, કોઈ માગ્યા વિના, અમસ્તો ત્યાં થઈને ચાલ્યો જતો હોય; તો બાળક એની પાછળ પાછળ દોડતું જઈને પોતાની મેળે જ એ રત્ન એને આપી દે.

—શ્રી રામકૃષ્ણ પરમહંસ



# ॥ મા આનંદમયીનાં અભ્યાસ, આવડત અને અનુભવ ॥

નિર્મળાનું (મા આનંદમયીનું) શૈશવ સમાપ્ત થયું. તે થોડી મોટી થતાં માતા તેને ઘરકામમાં પલોટવા લાગ્યાં. બધાં ભાઈબહેનોમાં તે સહુથી મોટી હતી એટલે નાનપણથી જ તે ઘરકામમાં માને મદદ કરવા લાગી. આજ્ઞાપાલકતા તેના સ્વભાવનું લક્ષણ હતું. માતાની આજ્ઞાનું તે શબ્દશઃ પાલન કરતી.

એક દિવસ માએ કહ્યું, 'નિરી, જા આ કાચનો કટોરો તળાવમાં ધોઈ આવ. બધું સાફ કરી લેતી આવજે.'

હાથમાં કટોરો લઈ નિર્મળા તળાવે જવા ઘરની બહાર નીકળી ત્યાં માતાએ સાચવીને જવાની ચેતવણી આપતાં કહ્યું, 'જોજે, ધ્યાન રાખજે. હાથમાંથી પડશે તો તૂટી જશે.'

ખરેખર એમ જ થયું. રસ્તામાં કટોરો હાથમાંથી પડ્યો અને તેના ટુકડેટુકડા થઈ ગયા. નિર્મળા બધા ટુકડા તળાવમાં બરાબર ધોઈ ઘેર લઈ આવી. તેણે તે ટુકડા માની સામે મૂકી દીધા.

તૂટી ગયેલા કટોરાના ટુકડાઓ જોઈ ગુસ્સે થઈ મા બોલ્યાં :

'તેં આ શું કર્યું ? સુંદર કટોરો તોડી નાંખ્યો !'

'ના, મા, મારા હાથમાંથી પડ્યો ને તૂટી ગયો. તમે બરાબર સાફ કરીને લાવવાનું કહ્યું હતું તેથી દરેક ટુકડો વીણી સાફ કરી લેતી આવી છું !'

'હવે આને શું કહેવું ?' પુત્રીની આવી સરળતા અને

આજ્ઞાપાલકતા જોઈ મા હસી પડ્યાં.

પરંતુ ક્યારેક મોક્ષદાસુંદરીને આવી સીધી સરળ પુત્રીની ચિંતા થઈ આવતી. દુનિયાદારીના ભાન વગરની આ દીકરીને તેઓ કોઈ વાર કહેતાં :

'નિરી, આટલી સરળતા ને ભોળપણ સારાં નહીં. તને તો કોઈપણ માણસ છેતરી શકે. થોડી ગતાગમ તો રાખવી જોઈએ ને !'

નિરીમાં સંસારી સમજ આવે તે માટે મા પ્રયત્નો પણ કરતાં. પરંતુ તેનામાં એવી સંસારી સમજ જન્મી જ નહીં. પરંતુ માતાની ચિંતા દૂર કરવા તેણે એક રમત કરી. એક દિવસ તળાવમાંથી પાણીનો ઘડો તે ભરી લાવી. તેને કાખમાં લઈ વાંકી ઊભી રહી ગઈ ! પછી બોલી :

'મા, જુઓ, હું કેવી વાંકી થઈ ગઈ ! તમે કહેતાં હતાં ને કે તું સાવ સીધી છે ! પણ જુઓ, હવે હું જરાય સીધી લાગું છું ?'

દીકરીની આવી સરળતા જોયા પછી મા શું બોલે ?

અક્ષરજ્ઞાન પ્રાપ્ત થાય તે માટે નિર્મળાને ગામડાની નાની નિશાળમાં ભણવા માટે દાખલ કરી. ખેઉડાની પ્રાથમિક શાળાના શિક્ષક નિર્મળાના કુટુંબી દૂરના દાદા જ હતા. પહેલા દિવસે જ દાદા મોશાયે અ, આ, ઈ વગેરે સ્વરોની સમજ આપી. બીજે દિવસે તેઓ તે પાકા કરાવવા લાગ્યા, ત્યાં તો નિર્મળાએ એ બધા સ્વરો બોલી બતાવ્યા અને ઓળખી બતાવ્યા. તેથી બીજે દિવસે તેને ક, ખ, ગ વગેરે વ્યંજનોનો પરિચય આપવામાં આવ્યો. ત્રીજે દિવસે પૂછ્યું તો તેને આખી બારાખડી મોઢે હતી !



દાદા મોશાયે માની લીધું કે નિર્મળાને પહેલેથી જ બધું આવડતું હશે. પરંતુ ખરેખર એવું ન હતું. હા, એક જ વખતમાં તેને બધું યાદ રહી જતું હતું. આ જાણ્યા પછી દાદાને લાગ્યું કે આવી અદ્‌ભુત સ્મરણશક્તિવાળી બાલિકા ખૂબ ભણી આગળ વધી શકશે.

પરંતુ નિર્મળાને શાળામાં નિયમિત ભણવા જવાનો સમય જ ક્યાં મળતો હતો ? આખા વરસમાં તે બહુ થોડા દિવસ સ્કૂલ જઈ શકી હતી. પણ એ થોડા દિવસોમાં તે જે કંઈ શીખી હતી તે બધું તેને યાદ રહી ગયું હતું.

એક દિવસ શાળામાં તપાસ માટે ઈન્સ્પેક્ટર આવવાના હતા. આથી શિક્ષકે બધાં વિદ્યાર્થીઓને બરાબર તૈયારી સાથે શાળામાં સમયસર હાજર રહેવા જણાવ્યું. અલબત્ત, નિર્મળાને તો છેક છેલ્લી ઘડીએ શાળામાં હાજર રહેવાની જાણ થઈ શકી.

નિર્મળા સ્કૂલ આવી તો ખરી, પણ બીજાં બાળકોની જેમ તે અગાઉથી કોઈ પાઠ તૈયાર કરીને આવી ન હતી. નિશાળમાં આવ્યા પછી ચોપડી ખોલી જે પાઠ નીકળ્યો તેના પર તેણે નજર નાંખી દીધી. તેને તે પાઠ યાદ રહી ગયો.

ઈન્સ્પેક્ટર વર્ગમાં બધાં બાળકોને પ્રશ્નો પૂછ્યા, પણ તેમના જવાબોથી તેમને સંતોષ ન થયો. છેલ્લે નિર્મળાનો વારો આવ્યો. ઈન્સ્પેક્ટરે તેને તે પાઠના જ પ્રશ્નો પૂછ્યા જે તેણે છેલ્લી ઘડીએ વાંચ્યો હતો. નિર્મળાએ બધા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપ્યા. ઈન્સ્પેક્ટર ખુશ થઈ ગયા. તેમણે તેને છેલ્લે નંબરેથી ઉઠાડી પહેલે નંબરે બેસાડી દીધી !

નિર્મળા નિશાળમાં નિયમિત જઈ શકતી ન હતી. મોટે ભાગે તે ગેરહાજર રહેતી, છતાં અદ્ભુત સ્મરણશક્તિને કારણે તેની ગણના હોશિયાર વિદ્યાર્થીઓમાં થતી.

એ દિવસોમાં શાળામાં બધાં બાળકો રોજ હાજર રહેતાં નહીં, પણ ઇન્સ્પેક્શન આવે ત્યારે તેમણે ફરજિયાત હાજર રહેવું પડતું. ફરીવાર ઇન્સ્પેક્શન આવ્યું ત્યારે નિર્મળાને પણ શાળામાં હાજર રહેવાનું ફરમાવવામાં આવ્યું.

તે દિવસે પણ નિર્મળા કશી તૈયારી વિના શાળામાં ગઈ. તેનો પહેરવેશ પણ મેલોઘેલો હતો. પાટી પણ તૂટેલી હતી.

ઇન્સ્પેક્ટરે વર્ગમાં પ્રવેશી પ્રશ્નો પૂછવા માંડ્યા. નિર્મળાએ આ વખતે કશું વાંચ્યું ન હતું. તેથી તેને કશું આવડતું ન હતું. ઇન્સ્પેક્ટરની પાછળ ઊભેલાં વર્ગશિક્ષિકા ઇશારાથી તેને પ્રશ્નનો જવાબ સમજાવતાં હતાં પણ નિર્મળાને તેમાં કશી સમજ પડતી ન હતી.

વર્ગશિક્ષિકાએ ચિડાઈને ઈશારો કરવો બંધ કર્યો. પછી એમના આશ્ચર્ય વચ્ચે નિર્મળાએ અંતઃપ્રેરણાથી જવાબો આપવા માંડ્યા અને એ બધા સાચા પડ્યા !

ઇન્સ્પેક્શન પૂરું થયા પછી વર્ગશિક્ષિકાએ સાચા જવાબો આપવા બદલ નિર્મળાને શાબાશી આપી; પરંતુ પછી ઠપકો આપતાં કહ્યું :

'નિર્મળા, તું તો સાવ ભોટ છે. અગિયાર વરસની થઈ તોય તું ઈશારામાં કંઈ સમજતી નથી. ખરી છે તું તો !'

આ સાંભળી નિર્મળાએ તરત કહ્યું, 'બહેન, તમે તો કહ્યું છે



કે કદી ખોટું કરવું નહીં, ચોરી કરવી નહીં ને તમે જ મને છાનાંમાનાં જવાબ કહેતાં હતાં ! આ ખોટું ન કહેવાય ?'

વર્ગશિક્ષિકા શું જવાબ આપે ? તે ચૂપ થઈ ગયાં.

નિર્મળાને બાળપણમાં નિશાળમાં અભ્યાસ કરવાની તક મળી ન હતી, પણ ઘરે જ્યારે પણ થોડો સમય મળતો ત્યારે તે પોતાની જાતે પુસ્તક વાંચતી અને સુંદર હસ્તાક્ષરોમાં લખ્યા કરતી.

નિર્મળા મોટે ભાગે એકલી-એકલી રમતી. તેની રમતો પણ નિરાળી હતી. રેતીમાં તે આગવી આકૃતિઓ બનાવીને રમતી. તે આકૃતિઓ શેની છે એ એના સિવાય કોઈને સમજાતું નહીં.

એક દિવસ નિરીએ રેતીમાં રમતાં-રમતાં ભીની રેતીનો સ્તંભ બનાવ્યો. રમવામાં તે એવી મશગૂલ થઈ ગઈ કે કેટલો સમય પસાર થઈ ગયો તેની તેને ખબર પણ ન પડી. માથે તડકો આવતાં તેનો ચહેરો લાલઘૂમ થઈ ગયો.

આ જોઈ દાદીમાએ પૂછ્યું, 'નિરી, ક્યારનીય ત્યાં રેતીમાં શું કરે છે ? જો ને, તડકો ચઢી ગયો છે !'

'ઠાકુરમા, જુઓ, જેમ આપણા શાલિગ્રામ ગોળ છે પણ તેમાં જ રાધાકૃષ્ણ, સીતારામ, લક્ષ્મીનારાયણ બધાં સમાયેલાં છે એમ આ સ્તંભમાંયે બધું સમાયેલું છે. જુઓ !'

નિરીને રેતીના સ્તંભમાં જે દેખાતું હતું તે દાદીમાને દેખાતું ન હતું. પરંતુ રસોડામાં રહેલાં મોક્ષદાસુંદરી બધું સાંભળતાં હતાં. દીકરીની રહસ્યમય વાતો એમના અંતરમાં ક્યારેક ઝબકારો કરી જતી. પણ તેમને એટલું બધું કામ રહેતું કે આ

બધી બાબતો પર ધ્યાન આપવાનો સમય જ ન રહેતો. તેમને તો પુત્રી તડકામાં માંદી ન પડે એની ફિકર હતી, તેથી તેમણે રસોડામાંથી બૂમ મારી દીકરીને ઘરમાં બોલાવી લીધી.

માની આજ્ઞા થતાં નિરી રમત અધૂરી મૂકી રેતીના થાંભલાને તોડી કૂદતી-કૂદતી ઘરમાં આવી ગઈ.

નિર્મળા નાની હતી ત્યારથી તેનામાં 'મારા-તારા'ના કોઈ ભેદ ન હતા. ખેઉડામાં હિન્દુઓની સાથે મુસ્લિમોની પણ ઘણી વસ્તી હતી. અનેક મુસ્લિમ સ્ત્રીઓ નાનકડી નિરીને રમાડવા આવતી અને દાદીમા તેમને રમાડવા પણ દેતાં. એ સમયે રીતરિવાજોમાં રૂઢિચુસ્તતા હોવા છતાં દાદીમા છૂટ આપતાં. નિરી સહુની 'ખુશીર મા' હતી, આનંદી બાળકી હતી. તેને માટે તો સહુ પોતાનાં હતાં. તે મોટી થઈ પછી પણ તેનો આ ભાવ વધુ દઢ થતો રહ્યો.

નિર્મળા આઠકે વરસની હતી ત્યારે તે પિતાની સાથે વિશિમા ફોઈને ત્યાં વિક્રમપુર જવા નીકળી હતી. રસ્તામાં કોઈ ગામ આવતાં તેના પિતા કોઈ દુકાનદાર સાથે વાત કરવા ઊભા રહ્યા. એટલામાં તો નિર્મળા નજીકમાં રહેલી સાવ અજાણી સ્ત્રીઓની વચ્ચે જઈને ઊભી રહીને સૌ સાથે વરસોનો આત્મીય સંબંધ હોય એવી રીતે વાતો કરવા લાગી !

પોતાની વાતચીત પૂરી થતાં બિપિનબિહારી આમતેમ જોવા લાગ્યા કે નિરી ક્યાં ખોવાઈ ગઈ ! ત્યાં તો તેમણે જોયું કે નિરી તો અજાણી સ્ત્રીઓની વચ્ચે પ્રેમથી વાતો કરતી હતી. તેમણે ત્યાં જઈ તેને કહ્યું, 'ચાલ, હવે મોડું થાય છે.' તેઓ પુત્રીનો હાથ



ઝાલી ચાલવા લાગ્યા ત્યારે પેલી સ્ત્રીઓને જાણે પોતાની બાળકી જતી હોય એવું લાગ્યું !

એક દિવસ નિર્મળા મામાની દીકરી સુશીલા તથા તેની સખીઓ સાથે ગામને ગોંદરે ફરવા ગઈ. સમી સાંજે બધાં પાછાં ફરતાં હતાં. વાતો કરતાં-કરતાં ચાલતાં હતાં એવામાં ગાયોનું ધણ આવતું દેખાયું.

એ જોઈ અન્ય છોકરીઓ ગભરાઈને દૂર ભાગી ગઈ, પણ નિર્મળા તો ત્યાં જ ઊભી રહી. તેની સ્વસ્થતામાં જરાય ફેર ન પડ્યો. ખેતરમાં ભાગી ગયેલી છોકરીઓ તેને બૂમો પાડી બોલાવવા લાગી : 'નિર્મળા, ગાયો તને મારશે, તું અહીં દોડી આવ.'

એટલામાં દોડતી ગાયો ત્યાં આવી પહોંચી. રસ્તા વચ્ચે ઊભેલી નિર્મળાને જોઈ ગાયોની ગતિ થંભી ગઈ. ગાયો તેને વીંટળાઈને ઊભી રહી. નિર્મળાએ પ્રેમથી ગાયોને પંપાળી, એટલામાં ગોવાળ આવી પહોંચ્યો. તે ગાયોને લઈ ગયો.

વાસ્તવમાં નિર્મળા કશાથી ડરતી ન હતી-ન મનુષ્યોથી, ન પશુઓથી, ન પ્રાણીઓથી. સૌ સાથે તેનો સ્નેહનો સંબંધ હતો.

નિર્મળાને વૃક્ષો તો ધ્યાનસ્થ સંત સમાં લાગતાં. તેમના ઘર પાસે તેમનું એક આંબાનું ઝાડ હતું. આ આમ્રવૃક્ષ તેમને મોટી પાકી રસાળ કેરીઓ આપતું હતું.

એક દિવસ નિર્મળા બહારથી આવી રહી હતી ત્યારે તેણે વૃક્ષ નીચે મોટી પાકી કેરી પડેલી જોઈ. તે ખુશ થઈ દોડતી કેરી લેવા ગઈ; પણ રસ્તામાં તેણે લાંબો સાપ પડેલો જોયો.

સાપ એટલો મોટો હતો કે તેને ઓળંગ્યા વિના આંબા નીચે

જવું શક્ય ન હતું. તેની ઉંમરમાં બીજાં બાળકો તો સાપને જોતાંની સાથે રાડારાડ કરી નાસી જતાં. પણ નિર્મળાને ડર જેવું ન હતું. તે તો જે મસ્તીમાં કેરી લેવા જઈ રહી હતી એ જ મસ્તીમાં કૂદકો મારી સાપને ઠેકીને ગઈ. કેરી લઈને ફરી એ જ રીતે સાપને ઓળંગીને ઘેર ગઈ. માને કહ્યું,

'મા, જુઓ, કેવી સુંદર પાકી કેરી લાવી છું !'

કેરી જોઈ મા રાજી થયાં, પણ સાપને ઓળંગવાની વાત સાંભળી ગભરાઈ મનમાં બોલી ઊઠ્યાં, 'કેવી છે આ છોકરી ! કોણ જાણે ક્યારે શું કરી બેસશે ! એનું ધ્યાન રાખવું પડશે.'

દુર્ગાપૂજા વખતે નૈવૈદ્યમાં મા દુર્ગાને કેરી ધરાવવાનો બંગાળમાં વિશેષ મહિમા છે. નિર્મળાએ માને કહ્યું :

'મા, દુર્ગાપૂજાના નૈવેદ્યમાં આપણે આ વર્ષે કેરી નથી ધરાવવી ?'

'બેટી, આપણા આંબા પર હજુ એકેય કેરી પાકી નથી ને બજારમાંથી કેરી ખરીદવાના પૈસા આપણી પાસે નથી.' મોક્ષદાસુંદરીએ અફસોસ સાથે કહ્યું.

આ સાંભળી નિરીને દુઃખ થયું. તે ઘરની બહાર નીકળી તેમના આંબાના વૃક્ષ નીચે આવી ઊભી રહી. તેણે વૃક્ષ પર જોયું તો ઊંચે એક પાકેલી કેરી હતી. મનમાં વિચાર આવ્યો કે જો આંબો આપે તો આ કેરી નૈવેદ્યમાં ધરાવી શકાય.

થોડીવારમાં જ એ કેરી ટપ કરતી નિરીના પગ પાસે પડી ! આનંદથી તે લઈ મા પાસે પહોંચીને બોલી, 'મા, જુઓ, આ પાકી કેરી ! હવે નૈવેદ્યમાં ધરાવો.'

પુત્રીના હાથમાં મોટી સરસ પાકી કેરી જોઈ મા સ્તબ્ધ થઈ



ગયાં. પછી પુત્રીને ધમકાવી, 'ક્યાંથી લઈ આવી ? કોના આંબામાંથી લાવી ?'

માએ સંતાનોને એવા સંસ્કાર આપેલા કે પરાઈ વસ્તુને કદી હાથ પણ લગાડવો નહીં. નિરીએ કહ્યું,

'મા હું કોઈનાય આંબામાંથી ચોરીને નથી લાવી. આપણા આંબાએ જ આ કેરી આપી છે.'

પુત્રીના શબ્દો પર વિશ્વાસ મૂકી માએ કેરી નૈવેદ્યમાં ધરાવી ત્યારે નિર્મળાને ખૂબ ખુશી થઈ. મનુષ્યના અંતરના ભાવોને વૃક્ષો પણ સમજે છે અને એનો પ્રતિભાવ પ્રગટ કરે છે એનો નિર્મળાને આ પહેલી વાર અનુભવ થયો.

આ રીતે નિર્મળાએ શાળામાંથી થોડું અને જીવનના અનુભવોમાંથી ઝાઝું શિક્ષણ પ્રાપ્ત કર્યું.

—ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ

## એક પિતાની પ્રાર્થના

હે પરમેશ્વર,
મારા પુત્રને એવો બનાવ
જેનું હૃદય નિર્મળ હોય,
જેનું લક્ષ્ય ઊંચું હોય,
જે પરાજયમાં ઉન્નત, અણનમ રહે
વિજયમાં નમ્ર, અવનત રહે.
જે અનાગતને પોંખવા
દૂર-સુદૂર ભલે નીકળે
પણ અતીતને ન ભૂલે.

## ॥ "'મા' સર્વેશ્વરીનું આંતરઐશ્વર્ય" : સંક્ષેપ ॥

દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાના વ્યારા પાસેના એક નાનકડા ગામ કર્પૂરવનમાં જન્મેલી એક બાલિકા 'સરોજ' આજે અંબાજીના 'સ્વર્ગારોહણ'માં 'મા સર્વેશ્વરી' રૂપે અધિષ્ઠિત છે.

એક મનુષ્યદેહ પોતાની દીર્ઘ તપશ્ચર્યા અને કઠિન સાધનાબળે, દેહ અને મનથી પરે રહેવાની શક્તિ સિદ્ધ કરી શકે તો, એ પોતાનામાં રહેલી દિવ્યતા પ્રગટાવી શકે છે અને સૃષ્ટિના સર્વ અંશોમાં રહેલી દિવ્યતાને ઢંઢોળી શકે છે એની પ્રતીતિ 'મા સર્વેશ્વરી' એમના સંપર્કમાં આવનારને સાંપ્રતમાં કરાવી રહ્યા છે.

રામકબીર ભક્ત સમાજમાં ઈ.સ.૧૯૪૩ના નવેમ્બરની ૧૩મી તારીખે અધ્યાત્મપ્રેમી કાળીદાસભાઈ અને પ્રેમ-ક્ષમાની મૂર્તિ ભીખીબાને ત્યાં રાત્રીના નવ વાગે 'સરોજ'નો જન્મ થયો.

સરોજનું શૈશવ વત્સલ પિતાશ્રીના શ્રીઅંકે આધ્યાત્મિક ઉઘાડ પામ્યું. રોજ સવારે પાંચ વાગ્યે તેઓશ્રી શ્લોકો લલકારે, પછી પથારીમાં સૂતા-સૂતા તે સાંભળતી સરોજને પીઠ પર ચઢાવી, વાડામાં લઈ જઈ ખોળામાં બેસાડી શ્લોકો શીખવે. જેમ જેમ સરોજ મોટી થતી ગયી તેમ તેમ તેના અંતરમાં પિતાજીના ઉદાત્ત જીવનમૂલ્યો, ઉમદા માનવ્ય, અદ્ભૂત દેશપ્રેમ અને અનહદ પ્રભુપ્રીતિનો અભિષેક એવો થતો ગયો કે તેઓ શ્રી સ્નેહ ધરનારા જનક જ નહીં, તેના આત્મવિકાસના સાચા પ્રહરી બની રહ્યા.

કુટુંબવત્સલ ભીખીબાએ નમાયા બનેલા નણંદના ત્રણ



બાળકોને પોતાને ઘરે લાવી ઉછેરેલા. એકવાર ઉનાળાની ભરબપોરે ભીખીબાની દોઢેક વર્ષની પુત્રી સુશીલાને રડતી જોઈ, તેમના ભાણેજે તેને ઊંચકી, એને ઠંડક લાગશે એમ માની સખત તડકામાં ગરમ થયેલાં પાણીના તપેલામાં ઝબકોળી. બાળકીએ ચીસ નાખી તો ફરી તેને પાણીમાં ઝબકોળી. ત્યાં જ ભીખીબા સાબદા આવ્યાં. દાઝેલી દીકરીને ગરમ પાણીમાંથી બહાર ઊંચકી ખાદીના પાતળા કટકામાં વીંટીને હિંચકે બેસી તેને હીંચકા નાખવા લાગ્યા. ઠપકાનો એક પણ શબ્દ ઉચ્ચાર્યો નહીં. ક્ષમાના સદ્ગુણને કેટલી હદે વિકસાવી શકાય તેનું સ્વર્ગીય દર્શન ભીખીબાએ કરાવ્યું. ભીખીબાના પ્રેમ અને ક્ષમા સરોજ માટે પ્રેરણાસ્રોત બની રહ્યા.

સરોજના શિક્ષણના શ્રીગણેશ કર્પૂરવનમાં જ મંડાયા. ગામમાં ત્રણ ધોરણ સુધીની જ શાળા હોવાથી ચોથા ધોરણથી સરોજને બે બહેનો સાથે વ્યારામાં રહેવાનું આવ્યું. આઠમાં ધોરણમાં, આશ્રમશાળાનો કડક શિસ્ત અને આકરી જીવનશૈલીનો અનુભવ લેવા પિતાજીએ એને નડિયાદના વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં મૂકી. નવમું ધોરણ સુરતની જીવનભારતીમાં પસાર કરી, દસમું અને અગીયારમું ફરી વ્યારામાં ભણી; સુરતની એસ.એન.ડી.ટી. કૉલજમાં બી.એ.માં ગુજરાતી વિષયમાં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ આવી ઉમાશંકર જોશી પારિતોષિક તેમજ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યા, ત્યારબાદ એક વર્ષમાં બી.એડ.ની પણ ઉપાધી મેળવી.

ઈ.સ.૧૯૭૦માં સુરતના સાધના વિદ્યાલયમાં શિક્ષિકા તરીકે જોડાઈ સરોજબેન પોતાની અનન્ય કાર્યદક્ષતા તેમજ

અપૂર્વ નિષ્ઠાથી આચાર્ય તરીકે નિયુક્ત થયાં. તેમની સમગ્રતાથી કાર્ય કરવાની શૈલીથી પ્રભાવિત થઈ સંચાલકોએ તેઓશ્રીને શાળાની બંને પાળીઓમાં આચાર્યા તરીકેની જવાબદારી સોંપી.

સુરતમાં ૧૯૭૦ના ડિસેમ્બરમાં સનાતન હોલમાં યોજાયેલાં શ્રી યોગેશ્વરના પ્રવચનો સાંભળી 'સરોજબેન એવા ધન્ય બની ગયા કે, એ સંતપુરુષ એમને 'દીવાદાંડી' સમા લાગ્યા અને ૧૯૭૧માં ફરી સાંભળતા એમને સરોજબેને સદ્‌ગુરૂપદે સ્થાપી દીધા.' શ્રી યોગેશ્વરના પુસ્તકો વાંચતાં વાંચતાં તેઓ લખે છે તેમ તેમને, ''પૂજ્ય શ્રી પ્રિય લાગ્યા, પૂજ્ય લાગ્યા, વંદનીય લાગ્યા, જ્ઞાની લાગ્યા, નમન કરવા યોગ્ય લાગ્યા.''

પછી તો શ્રી યોગેશ્વરના પ્રવચનો-શિબિરોમાં 'સરોજબેન' નિયમિત જવા લાગ્યા. શ્રી યોગેશ્વર સાથે સાધના અંગે નિયમિત પત્રવ્યવહાર થવા માંડ્યો અને જોતજોતામાં તેઓશ્રી 'આરાધ્ય દેવ' તરીકે સરોજબેનના અંતરમાં પ્રતિષ્ઠિત થઈ ગયા.

શાળાની બેવડી જવાબદારી દરમિયાન સરોજબેનની આધ્યાત્મિક તપશ્ચર્યા અખંડ રહી. નિત્ય ૨૫૦ જપમાળા કર્યા પછી જ પાણી પીવાનું, મહિનાઓ સુધી ફક્ત પાશેર દૂધ પર જ રહેવાનું તેમનું વ્રત નિયમિત રહ્યું. વળી પૂજ્યશ્રી મોટાના મૌન મંદિરમાં પણ તેઓ અચૂક જતાં.

શાળામાં ભક્તિભાવાતિરેક અનુભવતાં સરોજબેન પદો સર્જવામાં ક્યારેક રમમાણ થઈ જતાં. તેથી તેમણે બહુ પ્રામાણિકતાથી પોતાની સંસ્થાના સંચાલકોને બે થી ત્રણ વાર પોતનું રાજીનામું સ્વીકારવા વિનંતી કરી પણ સંચાલકો એક જ



વાત કરી નકારતા, 'તમારું સંસ્થામાં હોવું એ અમારું સદ્-ભાગ્ય છે.'

ઈ.સ. ૧૯૭૯માં શ્રી યોગેશ્વરને હૃદયરોગનો હુમલો આવતા એમની સેવા અર્થે શાળાના આચાર્યપદેથી રાજીનામું આપી, ઘર ત્યાગી કાયમ માટે સદ્-ગુરુ સાથે સરોજબેન રહેવા આવી ગયાં. ઈ. સ. ૧૯૮૦માં શ્રી યોગેશ્વરના માતુશ્રીની મરણતોલ બીમારીમાં સરોજબેને તેમની સગી દીકરી પણ ન કરે એવી સેવા કરી.

ઈ. સ. ૧૯૮૧ થી ઈ. સ. ૧૯૮૪ સુધી સરોજબેન દેશવિદેશની બધી જ યાત્રાઓ-પ્રવચન શ્રેણીઓ શિબિરોમાં શ્રી યોગેશ્વર સાથે જ રહ્યાં. પૂજ્યશ્રીના દરેક પ્રવચનને અંતે સરોજબેનનો વાર્તાલાપ કે એમનું મધૂરું ભાવભીનું ભજન હોય જ.

સરોજબેનને શ્રી યોગેશ્વરે 'મા' જગદંબાના આદેશથી 'મા સર્વેશ્વરી' નામ આપ્યું. એટલું જ નહીં 'મા'નું ગૌરવ કરતાં કહ્યું-'''મા' આપણા પરિવારમાં નથી જોડતા પણ આપણે 'મા'ના પરિવારમાં જોડાયાં છીએ.''

શ્રી યોગેશ્વરે અમદાવાદના નારણપુરાના સકલ એપાર્ટમેન્ટ 'સત્યપથ'માં 'મા'ને માટે નિવાસસ્થાન રચી એમને અત્યંત સન્માનપૂર્વક સાથે રાખ્યા. તેઓશ્રી કહેતા કે, '''મા સર્વેશ્વરી'નાં સર્વ લક્ષણો સાધનાથી મળેલા પરિણામ જેવા છે. અમે હિમાલયમાં તપ્યા તો એમણે નોકરી કરતાં કરતાં તપ કર્યું.'' શ્રીયોગેશ્વર અચૂક કહેતા કે, ''જો પ્રભુનું શરણ લો, વિશ્વાસ રાખો, સાત્ત્વિક જીવન જીવો તો અંદરથી પ્રસન્નતા

આવે છે. આખું કલેવર સાત્ત્વિક થઈ જાય. તમારી વાણી, તમારી આંખ, તમારું વર્તન પણ પ્રેમમય થઈ જાય. તમે સૌ 'મા સર્વેશ્વરી'ના ચહેરાને હંમેશાં જોયાં કરજો.''

એક નટખટ, જિદ્દી કન્યા 'સરોજ'નું રૂપાંતર 'મા સર્વેશ્વરી'માં કેવી રીતે થયું હશે ? એક અતિ સફળ તેજસ્વી કારકિર્દીવાળા આચાર્ય સરોજબેન સ્નેહસુરક્ષિત એવા કુટુંબના નીડને ત્યાગી અધ્યાત્મના વિશાળ આકાશમાં ઉડ્ડયન માટે કેમ તત્પર બન્યા હશે ?-'મા સર્વેશ્વરી'ના સંપર્કમાં આવનારના મનમાં આ અને આવા ઘણા પ્રશ્નો ઊઠે એ બહુ સ્વાભાવિક છે. એની સામે 'મા'નો એક જ પ્રત્યુત્તર છે : ''ઈશ્વરદર્શી સંતનું દર્શન.''

અત્યંત પાતળી દેહયષ્ટિ, એને આવૃત્ત ગુજરાતી ઢબે ધારણ કરેલી શ્વેત સાડી, સુઘડ હોળેલા વાળ, કપાળમાં નાનો લાલ ચાંદલો, ગળામાં સોનાનો દોરો, કાનમાં સોનાની બુટ્ટીઓ, એક હાથમાં સોનાની બંગડી, બીજા હાથમાં સોનેરી પટ્ટાવાળું ઘડિયાળ, બધું સાધારણ પણ જરા ધ્યાનથી જોઈએ તો એમના મુખારવિંદ પર સદા વિલસતું હાસ્ય, છવાઈ રહેતી નિખાલસ નિર્દોષતા, વાતે વાતે નેત્રોમાં ચમકતું તેજ, નાજુક કરાંગુલિઓની કાર્યતત્પરતા, કોમલ ચરણદ્વયની ચપળતા, સ્લેટધારિણી 'મા'ની કલમમાંથી ઝરતા વહાલ કે વઢનાં અમૃતવચનો. 'મા'ના સકલ અસ્તિત્વના ઊંડાણમાંથી વહી આવતા પ્રેમના સૂક્ષ્મ આંદોલનો આપણને સ્પર્શે ત્યારે આપણા અંતરને પ્રક્ષાલિત કરે અને એમની પુનિત સ્નેહસંનિધિમાં



અનોખી આત્મીયતા-કરુણા-કૃપા ઝરતી અનુભવાય.

'મા સર્વેશ્વરી'ને મહાત્મા શ્રી યોગેશ્વરમાં કેવળ સદ્‌ગુરુ કે પ્રભુના પ્રતિનિધિ જ નહીં, સ્વયં પ્રભુ પ્રતીત થયા એનું કારણ એ કે, 'મા'ને એમનામાં શિવ અને શ્રીકૃષ્ણ બંનેનું સારતત્ત્વ દેખાયું.

શિવ એટલે સર્વદા સર્વના મંગલકર્તા અને શ્રીકૃષ્ણ એટલે કોઈનો રાગ કે દ્વેષ કર્યા વિના સર્વેને આકર્ષનાર. એટલે જ 'મા'એ પહેલાં 'ૐ નમઃ શિવાય', પછી 'જય ગોપાલ' અને ત્યારબાદ 'શ્રી યોગેશ્વરાય નમઃ'નો મંત્ર સ્વીકાર્યો. આજે ૧૩ કરોડ જપ પૂરાં કર્યા પછી બીજા ૧૩ કરોડ જપ પુરાં કરવાનો સંકલ્પ કરનાર 'મા' કહે છે : ''મંત્રગાન ખૂબ પ્રેમથી કરવું. પ્રભુ સામે જ ઊભા છે તેમ માની કહેવાનું કે, ''પ્રભુ આવો, પધારો.'' 'મા'ની રોજની ૫૦૦ જપમાળા આ ભાવનું જીવંત નિદર્શન છે.''

'મા'ના પ્રત્યેક શ્વાસોચ્છવાસમાં, પ્રત્યેક ગતિવિધિમાં, 'તું હી તું હી'નો એક સ્વર ગુંજે છે. આત્મકલ્યાણની ઝંખના અને જગતકલ્યાણની અભીપ્સા એમના લોહીનો લય બની ગઈ છે. કઠોર સાધનાના સતત સાતત્ય છતાં ચહેરા પર સદા પ્રસન્નતા, હૃદયની અપૂર્વ શાંતિ ધારતાં 'મા' અધ્યાત્મવિશ્વનો ચમત્કાર છે. નિરાહારી, મૌનમયી, નિરાડંબરી 'મા' નિર્મળ, નિર્વ્યાજ પ્રેમની પ્રતિકૃતિ છે. તેઓશ્રી લખે છે તેમ, '''મા' 'મા'ને સતત વંદતા રહે છે...માત્ર ને માત્ર નિસ્વાર્થ પ્રેમ, સૌને સહાયક થવાનો પંથ.''

તારીખ ૧૮ માર્ચ ૧૯૮૪ના રોજ શ્રી યોગેશ્વર બ્રહ્મલીન થયાં પછી તેઓશ્રીના આધ્યાત્મતેજને અધિક દિપાવવા 'મા સર્વેશ્વરી'ની તપશ્ચર્યા દિનપ્રતિદિન અધિક ને અધિક દીપ્તિમંત બનતી ગઈ છે, 'મા'ની અહમરહિતતાનું ઐશ્વર્ય અંબાજીમાં આવેલ 'સ્વર્ગારોહણ'ને શ્રી યોગેશ્વરના 'પુનીત સ્મૃતિતીર્થ'ની સાથે સાથે 'મા સર્વેશ્વરી'ના 'મંગલ સ્નેહતીર્થ'નું ગૌરવ બક્ષે છે. આ પુણ્યભૂમિ 'મા સર્વેશ્વરી'ના પવિત્ર પ્રેમની સોગાદ છે. પણ 'મા' કહે છે તેમ : ''અહીં જે આવે એ જ પામે.''

'મા સર્વેશ્વરી' ભક્તિમય-સાધનામય જીવન જીવવા ઈચ્છતા જનસમાજની મધ્યે 'આચારસિદ્ધ અધ્યાત્મ'નો ઉજાસ પાથરી રહ્યા છે, કરોડો જપ, ધ્યાન, પ્રાર્થના, નિર્જળા ઉપવાસો, રોજના નિયત દંડવત પ્રણામો, પાઠ-પારાયણો, યોગાસનોમાં રત રહી પોતાની સાધનાની જ્યોતને ઝળહળ રાખતા 'મા' અહમરહિતતાનું એક આકાશ વિસ્તારી રહ્યા છે.

'મા'ના જીવનનું ચાલકબળ સહજ પ્રેમતત્ત્વ છે, જે એમનું પ્રાણતત્ત્વ છે. 'મા'ના અસ્તિત્વમાં જીવ અને શિવનો સહજ સંવાદ જોવા મળે છે. એટલે સ્વાભાવિક રીતે જ 'મા'ના શરીર, મન અને વાણીને સ્તરે એક અનોખું, ક્રાંતિકારી પરિવર્તન જોવા મળે છે.

શરીરને પ્રકૃતિનું ઉત્તમ વરદાન માની 'મા' વૃત્તિઓને સુસંસ્કૃત રાખવા હંમેશાં પ્રયત્નશીલ રહે છે. સાત્ત્વિક આહાર તો નાનપણથી જ હતો પણ ઈ.સ.૧૯૮૪થી 'મા'થી સહજ રીતે અન્નત્યાગ થઈ ગયો. વરસોથી એક દિવસ ફળાહાર અને એક



દિવસ નિર્જળા ઉપવાસનો સિલસિલો સળંગ ચલાવ્યો, વળી નિદ્રાના કલાકો પણ અતિ અલ્પ હોવા છતાં તેઓ સદાય સ્ફૂર્તિવંત, તાજગીભર્યા અને પ્રવૃત્તિતત્પર લાગે છે.

ઈ.સ. ૨૦૧૩થી 'મા'એ રોજના ૧૮૫ સાષ્ટાંગ પ્રણામ કરવા શરૂ કર્યા છે. પ્રણામ 'મા'ને મન વ્યાયામ નથી, સાધના છે. સાધનાના કરણ તરીકે 'મા' શરીરનો ઉત્તમ ઉપયોગ કરી આજે ૭૫ વર્ષે પણ યુવાનોને શરમાવે એવી સ્ફૂર્તિ, કાર્યક્ષમતા ધરાવે છે.

સ્વર્ગારોહણના નિર્માણકાર્યમાં માટીના તગારા માથે ઉપાડવાના, પથ્થરો, ઈંટો ઉંચકવાના, ફૂલછોડો-વૃક્ષોને પાણી પાવાના કાર્યમાં સેવકોને સહયોગ ધરતા 'મા'નાં દર્શન સાધકોએ કર્યા છે. ઈ.સ. ૨૦૦૧માં ભુજમાં આવેલ ધરતીકંપ વખતે 'મા'એ ત્યાં જાતે જઈ બાળકો માટે તાત્કાલિક ટેન્ટો ઊભા કરાવેલાં અને સાત પાકી શાળાઓ બંધાવી આપેલી. ગામડાની શ્રમજીવી બહેનો, અશક્ત વૃદ્ધો માટે તેઓ અતિ જતનથી મોતિયાનાં ઓપરેશનો, કૃત્રિમ હાથ-પગ માટે સાધનસામગ્રી અને તજજ્ઞોની વ્યવસ્થા, ભાદરવા મહિનામાં અંબાજીના દર્શને પગપાળા પધારતા યાત્રીઓ માટે દાકતરી સહાય અને છાશવિતરણ, દરિદ્રનારાયણોની પાયાની જરૂરિયાતોને પૂર્ણ કરવા વિવિધ દાનયજ્ઞો તેમજ બાળકો માટે ફૂલવાડી, યુવાશિબિરો અને સાધનાસપ્તાહો યોજી સાધકોને રોજબરોજના જીવનને પ્રભુમય બનાવવા 'મા' પ્રત્યક્ષ રીતે પ્રેરણા પૂરી પડે છે. આ રીતે 'મા'એ સિદ્ધ કરી આપ્યું છે કે, 'જો શરીર માત્ર પ્રભુની શક્તિ પ્રત્યે જ ખુલ્લું હોય તો ક્યારેય માંદું પડતું નથી.'

કોમળ, સ્થિતિસ્થાપક શરીર 'મા'ના શ્વાસોચ્છ્વાસ, રુધિરાભિસરણ અને પાચનતંત્રના લયને સરસ જાળવે છે.

'મા'નું મન એટલું તો સ્વાધીન છે કે, ભૂતની સ્મૃતિનો ભાર નહીં, ભવિષ્યની ચિંતા નહીં અને વર્તમાનમાં પણ સનાતનતાની, નિત્ય નૂતનતાની સૌરભ માણે છે. 'મા'ના સ્વસ્થ, સંતુલિત મનમાં કોઈ આગ્રહ, કોઈ વળગણ, રાગદ્વેષ, ગમા-અણગમા, પૂર્વગ્રહ કે નિષેધ નથી. પ્રભુપ્રેષિત પ્રત્યેક પરિસ્થિતિનો સહજ સ્વીકાર હોવાથી, સુખદુઃખના દ્વંદ્વ એમને સતાવતા નથી. એમનું મન સદૈવ શાંત અને પ્રસન્ન રહે છે.

ઈ.સ.૧૯૯૫થી 'મા'એ મૌન ધારણ કર્યું છે. 'મા', 'મા' હોવાથી જાણે છે કે બધાં બાળકો એમનું મૌન સમજવા સમર્થ નથી, તેથી લોકકલ્યાણના પવિત્ર હેતુથી જ તેઓ સ્લેટધારિણી બન્યા છે. 'મા'ની સ્લેટના શબ્દો ચેતનાસ્ફુલિંગો બની સાધકોનું જીવનપરિવર્તન સાધે છે.

'મા'નું મૌન કેવળ વાણીનું મૌન નથી. મનની ગતિને સંપૂર્ણ શાંત કરી દેતું મૌન છે. એ વિશ્રાંતિમાં બધી જ ઊર્જાઓ અંદર કેન્દ્રિત થાય છે. અંદરથી ઊઠતા આંતરિક નાદમાં 'મા' રમમાણ રહે છે. જેથી એ 'અસ્તિત્વની સમગ્રતામાં નિવાસ કરી શકે છે.' આ સ્થિતિમાં 'આત્મચૈતન્યની અનુભૂતિ' થતાં પ્રેમ, કરુણા અને શાંતિ સહજ વહે છે. એમનામાં અભૂતપૂર્વ આત્મસંયમ ઉદ્‌ભવે છે. પરિણામે વિવેક, શિષ્ટાચાર, ગૌરવ કદી ચૂકતા નથી. અનન્ય આભિજાત્ય અને ગરિમાથી એ સોહે છે.

'મા'ની આ સહજાવસ્થા-શાંત, પ્રસન્ન સ્થિતિ આપણને જાણે સૂચવે છે કે, આત્માનું આવું ઐશ્વર્ય સિદ્ધ કરવું એ જ આપણને



મળેલા માનવજીવનનું પરમ કર્તવ્ય છે.

આમ, એક દેહધારી આત્મા, પૃથ્વી પર આપણી વચ્ચે વિહરતો, કર્મરત દેખાતો છતાં સદૈવ સાધનારત રહી એના શરીર-મન-વાણીનાં તમામ આવરણો હઠાવતો હઠાવતો એવો નિરાવરણ-શુદ્ધ ચૈતન્ય સ્વરૂપે સોહી રહે છે કે, એમાં એનું આંતરઐશ્વર્ય છલકાઈ રહે છે.

આમ, 'માનવતા' અને 'દિવ્યતા'નો વિરલ સંયોગ 'મા સર્વેશ્વરી'માં અનુભવાય છે. અસંખ્ય જિજ્ઞાસુઓને પ્રભુપથ-સત્યપથ તરફ પ્રેરવાની શક્તિ એમની અપાર કરુણામાં સમાયેલી છે. આજે વિશ્વ પ્રભુવિહીન, મનુષ્ય આત્માવિહીન અને સંસ્કૃતિ મૂલ્યવિહીન થતી જાય છે ત્યારે પ્રેમ, શ્રદ્ધા અને અધ્યાત્મની જીવતી જ્યોત એવાં 'મા સર્વેસ્વરી'નું સદેહે હોવું સમગ્ર માનવતા માટે પરમ કલ્યાણકારક છે.

—ડૉ. દીપક પંડ્યા

## ભક્તિનો મહિમા

આ પ્રેમ દિવ્ય છે, અમર છે, અમૃત છે; કારણ કે તે બિનશરતી છે. એવું નથી કે એક દિવસ તમે પ્રેમમાં પડો ને બીજે દિવસે બહાર ! ભક્તિ એ નથી. એ ભીતર ઊંડે રહે છે. એનો આસ્વાદ લેનાર એને કદી ભૂલી શકતો નથી. એને પ્રાપ્ત કરીને મનુષ્યજીવન પૂર્ણ બને છે. એ પ્રાપ્ત કર્યા પછી કોઈ સ્પૃહા નથી રહેતી.

—દેવર્ષિ નારદ

# ॥ જીવનની શુદ્ધિ એ જ સાધના ॥

પ્રભુ તો આપના હૃદયમાં પગ મૂકવા આપથી પણ વધુ આતુર છે. પણ પગ ક્યાં મૂકે ? અશુદ્ધિમાં ? અપવિત્રતામાં ? અસંગતતામાં ? જેનાં હૃદય દિવસ-રાત ધર્મક્ષેત્ર-કુરુક્ષેત્ર બન્યાં છે, વાસનાઓના સંઘર્ષ ચાલે છે, વિકારોની અરાજકતા છે. કોઈપણ પ્રકારની વ્યવસ્થા ન હોય, ભાવનાઓ, આકાંક્ષાઓ, વિચારોમાં કોલાહલ હોય ત્યાં પગ કેવી રીતે મૂકે ?

આપણા હૃદયમાં, જાગૃતિમાં જ નહીં પણ સ્વપ્નમાં પણ દિવસરાત કોલાહલ હોય છે. ક્યાંય પળ માટે નિરવતા નથી, પળ માટે પણ એકાંત નથી, સંયમ નથી, સત્ય નથી; તો પગ ક્યાં મૂકે ?

પ્રગટ થવા માટે એમની તરફથી જરાપણ વાર નથી હોતી. પ્રભુનો અર્થ મારે મન કોઈ રામ, કૃષ્ણ, શિવ, દેવી, દેવતા નથી. કોઈ ઋષભદેવ, આદિનાથ, નેમીનાથ, મહાવીર નથી. મને અભિપ્રેત છે વૈશ્વિક ચેતના, સર્વગ્રાહી પ્રજ્ઞા, અસીમ સંવેદનશીલતા, જીવનની એકતાનો પ્રત્યય તેમજ પ્રેમ.

જીવનનું શુદ્ધિકરણ જ સાધના છે. જ્યાં જીવનનું શુદ્ધિકરણ થયું ત્યાં ભય, શંકા ન હોવાને કારણે ચિત્ત પ્રશાંત, પ્રસન્ન રહે છે. જે કંઈ કરવામાં આવે છે એ પ્રસન્નતામાંથી, એ સંતુલનમાંથી, એ પ્રસાદમાંથી કરવામાં આવે છે. એટલે શબ્દોના અને કર્મોના તણાવની દુર્ગંધ નથી. અંદરથી વેરવિખેર, ક્ષતવિક્ષત વ્યક્તિઓના શબ્દો-ક્રિયાઓમાંથી જ દુર્ગંધ આવે.

માટે જે વ્યક્તિ અભય છે, જે સત્ય પર અધિષ્ઠિત છે, પૂર્ણ



છે, નિરપેક્ષ છે એના શબ્દો, વિચારો, એમના શરીરના હલનચલન સર્વમાં શાંતિનું, એકતાનું એક સંગીત હોય છે, એક સૌરભ હોય છે. ટૂંકમાં, સૂરમાં મેળવેલી વીણા હોય છે.

તમારા અને અમારાથી પહેલાં, હજારો વર્ષોથી આ દેશમાં અધ્યાત્મના માર્ગો લોકો ગયા છે જેમણે સત્યનું દર્શન કર્યું છે, કેટલાકે એ દર્શનને વાણીબદ્ધ કર્યું છે. બલકે પોતાના હાડમાંસમાં એક પ્રયોગશાળા બનાવીને જીવનના પ્રયોગ કર્યા છે. એમણે જે સાધના કરી, જે ચિંતન કર્યું એ નાશ તો નથી જ પામ્યું. એ સ્પંદનરૂપે આકાશમાં રહ્યું હોય છે.

આપણું જીવન પરિશુદ્ધ થતાં એ વિશ્વમાં સમાયેલા સ્પંદનના અંતઃપ્રવાહોમાંથી પ્રવાહ પવનની લહેરની જેમ આપણી ગાત્ર-વીણાને છેડે છે.

જેનું ચિત્ત ભાવનાશીલ છે ત્યાં એ પ્રવાહ ક્યારેક સગુણ સાકારરૂપથી આવિર્ભૂત થશે, બુદ્ધિપ્રધાન ચિત્તમાં એ સ્પષ્ટ બોધના રૂપમાં, જ્ઞાનના આકલનના રૂપમાં સ્પંદિત થશે. ક્યારેક નાદના રૂપે અથવા પ્રકાશના રૂપે એ સ્પંદિત થશે.

તો જે મદદ, જે સહાયની આવશ્યકતા હોય છે તેની યોજના પહેલેથી જ છે. એમાં જે સંબંધ બને છે એ પ્રેમના નિયમ અનુસાર થાય છે. ગુરુત્વાકર્ષણની જેમ જ પ્રેમાકર્ષણ છે. જ્યાં જીવન શુદ્ધ થયું ત્યાં પ્રેમાકર્ષણ કામ કરવા માંડે છે. એ વ્યક્તિ અને વૈશ્વિક ચેતનાનો એક સંબંધ બની જાય છે.

આમ, જીવનની શુદ્ધિ અને પ્રભુકૃપાનું અવતરણ આ બે સ્વતંત્ર પ્રસંગો નથી. જ્યાં જીવનશુદ્ધિ થઈ ગઈ, પુરુષાર્થની સીમા આવી ગઈ, ત્યાં પ્રભુની કૃપા પ્રગટ થવા માંડે છે.

પછી તો વ્યક્તિના શરીરમાં છુપાયેલી શક્તિઓ ખીલવા માંડે છે. મનની શક્તિઓ આપોઆપ કામ કરવા માંડે છે. એને માટે સંકલ્પ, પુરુષાર્થ, પ્રયાસ કરવો પડતો નથી; આપોઆપ બધું બનતું જાય છે.

સંસારની વેદના-વ્યથા એ પહેલેથી જ આવી વ્યક્તિના ચિત્તમાં પહોંચી જાય છે. કારણ કે સંવેદનશીલતા એટલી સૂક્ષ્મ, સર્વવ્યાપક થઈ જાય છે કે, એની નાડીમાં વિશ્વની, આખી માનવજાતિની નાડી ધબકવા માંડે છે.

આ એકતા, આ અદ્વૈત વ્યવહારમાં પ્રગટ થવા માંડે છે તો એની મૃદુતાને, એની કોમળતાને લોકો પ્રેમ કહે છે.

તમે જો એમ સમજતા હો કે પ્રેમ નામનો કોઈ પદાર્થ છે, એની સ્વતંત્ર સત્તા છે, તો તમે ભ્રમમાં છો. સત્યાચરણથી સમગ્રતાની શુદ્ધિ થયા પછી જે કોમળતા, જીવનની એકતાનો મૃદુતમ પ્રત્યય સર્વ ઇન્દ્રિયોમાંથી ઝરવા માંડે છે એ પ્રેમ છે.

પદાર્થ સાથે વ્યવહાર હોય એ પણ કોમળ, શબ્દનો સ્પર્શ હોય એ પણ કોમળ, દૃષ્ટિનો સ્પર્શ થાય એ પણ કોમળ. મૃદુતા-કોમળતા સર્વેન્દ્રિયોમાંથી પ્રગટ થાય ત્યારે તમે કહેશો કે, એ વ્યક્તિ પ્રેમની અવસ્થામાં છે.

તો પ્રેમ અને કરુણા વસ્તુતઃ જીવનની એકતાનું સર્વેન્દ્રિયોમાંથી ઝરતું સ્પંદન છે, જીવનની શુદ્ધિનું સહજ આવિર્ભૂત સ્વરૂપ છે.

—વિમલા ઠકાર

'ગતિઓમાં શ્રેષ્ઠ ગતિ કોઈ હોય તો એ શરણાગતિ. એટલે મૌનની વેદી પર બધી જ ક્રિયાઓની આહુતિ આપવી.'



# ॥ ક્રિયાકાંડોનો ઉદ્દેશ ॥

શ્રી માતા અમૃતાનંદમયી કહેતાં : 'અમ્માને ક્રિયાકાંડની બહુ ખબર નથી એમના ઉછેરમાં એ સંસ્કાર નથી. તેમ છતાં અમારાં અમ્મા બહુ જ કડક હતાં. એ અમને કોઈ સાથે હળવામળવા દેતાં નહીં. એનો એક ફાયદો એ થયો કે એકલતાને લીધે ઈશ્વરનાં ભજન મજેથી ગાઈ શકાતાં, એની સાથે વાતો થયા કરતી. તમારી સાથે કોઈ હોય તો તમે અમસ્તાં ગપ્પાં મારી સમય વેડફો.'

કોઈ માંજેલાં વાસણમાં જરા જેટલી પણ ગંદકી દેખાય તો અમારાં અમ્મા તમારી અમ્માની ધૂળ કાઢી નાંખે. અને જો આંગણું સાફ કર્યા પછી ક્યાંય થોડો કચરો નજરે ચડે તો દમયંતીઅમ્મા તમારી અમ્માને સાવરણી તૂટી જાય ત્યાં સુધી પિટ્યા કરે.

આંગણું સાફ કરતી વખતે એક ખૂણામાં અચાનક ઊભી રહી અમ્મા કલ્પના કરતી કે જાણે ભગવાન એની પાસે આવી રહ્યા છે. અમ્મા એમનું એક એક પગલું રેતીમાં છપાયેલું જોતી. એ કંઈપણ કામ કરતી હોય, એના મનમાં તો બસ ભગવાન જ વિચરતા હોય !

બાળકો, તમે જે કંઈ કામ કરતા હો ત્યારે તમારે માત્ર ઈશ્વરના જ વિચારો કરતા રહેવું જોઈએ. આપણા ક્રિયાકાંડનો આ જ ઉદ્દેશ છે. એને લીધે આપણામાં સારી ટેવો પડશે અને જીવનમાં નિયમ આવશે. તેમ છતાં આપણે ક્રિયાકાંડોના ગુલામ

ન થવું જોઈએ. કેમકે, ઘણાખરા ક્રિયાકાંડો આપણને ઉપરછલ્લા આચારો પ્રત્યે દોરે છે, ઈશ્વર તરફ પ્રેરતા નથી.

આમ તો બધા ક્રિયાકાંડો ઈશ્વર-સ્મરણની પ્રક્રિયાને અવિરત રાખવાના હેતુથી ઘડવામાં આવેલા. પણ આગળ જતાં એ વિધિઓ માત્ર પરંપરા બની ગઈ. એક પાદરી હતા. એ જ્યારે પૂજા કરવા બેસે ત્યારે એક બિલાડી એમની પૂજામાં ખલેલ પાડે. તેથી કંટાળીને એ પાદરીએ પોતાની પૂજાના સમયે બિલાડીને એક ટોપલીમાં પૂરી દીધી. પૂજા પૂરી થયા પછી જ એને બહાર કાઢી. એવું એ દરરોજ કરવા લાગ્યા.

થોડા સમય પછી એ પાદરી અવસાન પામ્યા. પાદરીનું કામ એના દીકરાએ સંભાળી લીધું. એણે પણ પૂજા કરતી વખતે બિલાડીને ટોપલીમાં પૂરવાની પરંપરા ચાલુ રાખી.

થોડા સમય પછી એ બિલાડી મરી ગઈ. બીજે દિવસે પૂજાનો સમય થતાં પાદરીના દીકરાને ચિંતા થઈ કે, બિલાડીને ટોપલીમાં પૂર્યા વિના પૂજા કેમ આરંભાય ? એણે પહેલાં પડોશીની અને પછી પોતે ખરીદેલી બિલાડીને ટોપલીમાં પૂર્યા પછી પૂજા કરવાનું ચાલ્યું રાખ્યું. આમ, પુત્રે પિતાની પૂજાની રીત ચાલુ રાખી.

વિધિઓ આવી ન હોય. આપણે પરંપરાગત આચારોને એની પાછળના સિદ્ધાંત સમજ્યા પછી જ અપનાવી લેવા જોઈએ.

આપણા બધા જ કાર્યોમાં ઈશ્વરનો વિચાર વિદ્યમાન હોવો જોઈએ. જેમકે, કોઈ સ્થળે બેસવા જતાં પહેલાં આપણે એને સ્પર્શીને નમન કરવું જોઈએ. એ સ્થળે ઈશ્વરનો વાસ છે એવી



કલ્પના કરવી જોઈએ. આપણે ત્યાંથી ઊભા થઈએ ત્યારે પણ એમ જ કરવું જોઈએ. જો આપણે હર સ્થળ, હર પળ સતત જાગ્રત રહેશું તો આપણું મન ઈશ્વરમય રહેશે અને દુન્યવી બાબતોમાં અમસ્તું ભટકશે નહીં.

એક કામવાળી રોજ પાડોશમાં એના બાળકને મૂકી કામે જતી. એ ત્યાં કોઈપણ કામ કરતી હોય, પણ એના મનમાં તો એનું બાળક જ રમતું હોય. એ કૂવાની નજીક તો નહીં ચાલ્યું જાય ને ? એને બીજા છોકરાઓ હેરાન તો નહીં કરતા હોય ને ? એ ગાયની ગમાણમાં તો નહીં ગયું હોય ને ? એ રસોડામાં ચૂલા નજીક તો નહીં જાય ને ?-આવા કેટલાય વિચારો કર્યા કરે ! સાધકે પણ આવી જ રીતે સતત ઈશ્વરના વિચારો કરતા રહેવું જોઈએ.

—શ્રી માતા અમૃતાનંદમયી

'એક વાત નક્કી છે કે ઈશ્વર આપણાં માનુષી કાટલાંથી આપણો તોલ કરતા નથી. આપણી દૃષ્ટિ બહુ જ સંકુચિત અને મર્યાદિત હોય છે. જ્યારે ઈશ્વર આપણા 'એકેએક હૃદયધબકાર'ને ઓળખે છે. 'આપણે શું હતા, શું છીએ અને શું થઈ શકીએ તેમ છીએ.' તેની એને ખબર છે. આપણી આકાંક્ષાની આપણે મન કીંમત નથી પણ ઈશ્વર તો આપણી 'અંતરતમ આકાંક્ષા'ને જ પુષ્ટ કરી, પુષ્પિત કરે છે. એ પ્રેમ અને કરુણાના સાગરને આપણી પાસેથી બીજું જોઈએ પણ શું ?'

# ॥ કહે કબીર દિવાના ॥

સંત કબીર અજોડ છે. એ પ્રત્યેકને માટે આશાનું દ્વાર ઉઘાડે છે. કેમકે કબીર કરતાં વધુ સાધારણ આમ-માનવ શોધવો કઠિન છે. એટલે જો કબીર પહોંચી શકે તો કોઈપણ માણસ ત્યાં પહોંચી શકે.

કબીર જીવનભર ગૃહસ્થ રહ્યા. વણકરરૂપે તે કાપડ વણતા ને વેચતા રહ્યા. એમણે ઘર છોડી હિમાલય તરફ પ્રસ્થાન નહોતું કર્યું. કબીરે કશાનો ત્યાગ ન કર્યો ને છતાંય બધું પ્રાપ્ત કર્યું. એટલે ત્યાગ ને પ્રાપ્તિને કોઈ શરતી-અવિનાભાવ સંબંધ નથી. તેમના જીવનમાં કોઈપણ વિશિષ્ટતા નહોતી. વિશિષ્ટતા તો અહંકારનું કારણ બને છે. તે કંઈ આત્માની સુંદરતા નથી બનતી.

કબીર જીવન માટે મહત્ત્વના સૂત્રરૂપ થઈ શકે છે. એમનું સ્મરણ પાવન છે. એ અનન્ય એટલા માટે છે કે, મહાવીર સમ્રાટના કુંવર હતા. શ્રીકૃષ્ણ, શ્રીરામ ને બુદ્ધ રાજાને ઘેર જન્મ્યા ને રાજમહેલમાંથી આવ્યા છે. જ્યારે કબીર તો રસ્તાની ધૂળના ફૂલ છે. એમણે હાથથી કાગળ કે શાહીનો સ્પર્શ પણ કર્યો નથી. 'મસી કાગદ છુઓ ન હાથ.'

કબીર જીવનભર કાશીમાં પંડિતોની વચ્ચે રહ્યા. ને સ્વાભાવિક રીતે પંડિતોએ એમને પાગલ કહ્યા. કેમકે ત્યાં તો સૌથી વધુ અંધોની ઠઠ છે. બધી રીતે મૂઢ પ્રતિષ્ઠા પામે છે. જેમની પાસે શબ્દોની જંજાળ છે, વેદ, ઉપનિષદ, ગીતા ને પુરાણ છે ને વળી કંઠસ્થ છે. જેમણે શબ્દો સિવાય કશું પ્રીછ્યું કે પીછાન્યું નથી.



દીવાલ પરના પડછાયાને જેમણે ઘણી મહેનતે, પરિશ્રમે ને નિપુણતાએ એકત્ર કર્યા છે ને જે તર્ક-દલીલબાજીમાં, શબ્દાડંબરમાં પ્રવીણ છે. એટલે જ કબીર પોતાને 'દિવાનો' કહે છે.

કબીરના શબ્દના મર્મને સમજવાની કોશિશ કરો. કબીર જેવા દિવાના મુશ્કેલીથી મળી આવે છે. કબીર કહે છે :

'સગરી દુનિયા ભઈ સયાની, મૈં હી ઈક બિરાના'

પણ જ્યારે સર્વ ગર્વ ને ગુમાન, અહંકાર ને અસ્મિતા છૂટી જાય છે ત્યારે સર્વ કુશબ્દ, ગાળ, અપમાન કશું સાલતું નથી. જે સંસાર પ્રત્યે ઉદાસ થઈ ગયો તેની કોઈ નિંદા કરે કે પ્રશંસા તેને તો તે સમાન જ થઈ પડે છે.

'સહે કુસબદ વાદ કો, ત્યાગે છોડે ગરવ ગુમાના
સત્ય નામ તાહિ કો મિલિ હૈ, કહે કબીર દિવાના.'

અર્થાત્ ઈશ્વરવાદીનો કોઈ વાયદો નથી હોતો, કોઈ સિદ્ધાંત નથી હોતો. સિદ્ધ હોય તો તેનો કોઈ સિદ્ધાંત ન હોય. એ ખુદ જ ઈશ્વર છે. એ સત્ય સંબંધમાં કંઈ સમજાવતો નથી.

ખરેખર તો એ સત્ય વિશે કંઈ બોલતો નથી, એને બોલવું પડતું નથી કેમકે સત્ય એની દ્વારા જ સ્વયં બોલે છે.

કબીર કહે છે; 'જેણે નિર્જીવ ક્રિયાકાંડ છોડ્યા હોય, જીવંત સ્વધર્મથી જાગ્યો હોય, વાસનાની ઊર્જાને કરુણામાં રૂપાંતરિત કરી હોય, કોઈ વાદ કે શાસ્ત્રથી જે પરે હોય, અને જેણે સહુ કોઈની ભીતર એક જ અખંડ જ્યોતિનું પ્રજ્વલન જોયું હોય, એ જ અવિનાશીને પ્રાપ્ત કરી શકે.'

—રજનીશજી
(અનુ. ડૉ. ધર્મેન્દ્ર)

# ॥ ઈસુ ખ્રિસ્ત ॥

'હું જગતનો પ્રકાશ છું. જે કોઈ મને અનુસરે છે તેને કદી અંધકારમાં ચાલવું નહીં પડે.'

માગો એટલે મળશે.

શોધશો એટલે જડશે.

ખખડાવો એટલે બારણાં ખૂલી જશે.

પ્રાર્થના અનવરત કરવી, નમ્રતાથી કરવી.

જો તમે શંકા ન રાખો, શ્રદ્ધાથી પર્વતને કહો કે, 'ઊઠ. અહીંથી ને પડ દરિયામાં ! તો તેમ પણ થશે.'

'આમીન ! તેમ થાઓ-

તારું મહિમાગાન શ્રદ્ધા-આશા-પ્રેમથી ઈશ્વર સાથે એકાત્મકતા સાધશે.'

આકાશમાંના પંખીઓ જુઓ, તેઓ નથી વાવતાં-લણતાં કે નથી કોઠાર કે ભંડાર રાખતાં, તેમ છતાં ઈશ્વર તેમને ખાવાનું આપે છે. પેલાં ફૂલોનો વિચાર કરો તે નથી કાંતતાં-વણતાં છતાં પોતાનાં વૈભવને શિખરે હશે ત્યારે સુલેમાને પણ એમના જેવો પોશાક પહેર્યાં નહીં હોય ! આજે ખેતરમાં લહેરાય છે, કાલે ચૂલામાં હોમાઈ જાય છે એવા ઘાસને જો ઈશ્વર આટલું સજાવે છે તો હે અલ્પ શ્રદ્ધાળુઓ ! તમને એથીયે રૂડી પેરે સજાવશે એમાં શંકા શી ? એટલે તમે શું ખાવું ને શું પીવું એની પાછળ પડશો જ નહીં. એ બધી વસ્તુઓની પાછળ તો નાસ્તિકો જ પડે. પણ



તમારા પિતાને ખબર છે કે, તમારે એની જરૂર છે. જો તમે ઈશ્વરના રાજ્યની પાછળ પડો એટલે બધું તમને આપોઆપ મળી આવશે.

જે ઈશ્વરના રાજ્યની ખોજને પોતાનું જીવનધ્યેય બનાવે છે તેમના અંતરને આનંદથી ભરી દેવાનું એણે વચન આપ્યું છે. એ આનંદ દુનિયાદારીનો પોકળ આનંદ નથી, ભક્તનો ગહન પરમાનંદ છે.

આપણો પ્રભુ પરમેશ્વર એકમાત્ર પ્રભુ છે. તું તારા પ્રભુ પરમેશ્વર ઉપર તારા પૂરા હૃદયથી, તારા પૂરા જીવથી, તારા પૂરા મનથી અને તારી પૂરી શક્તિથી પ્રેમ રાખજે. બીજી આજ્ઞા આ છે : 'તારા માનવબંધુ ઉપર તારી જાત જેટલો પ્રેમ રાખજે.'

પ્રભુ આ દુનિયામાં અવતર્યા તે કંઈ આપણો સ્વાર્થ સંતોષવા માટે નહીં પણ ઈશ્વરના અને મનુષ્યમાત્રના પ્રેમના અગ્નિમાં એ સ્વાર્થને ભસ્મ કરી દેવા અવતર્યા હતા.

કેટલાક મારામાં વિશ્વાસ રાખશે, બીજા નહીં રાખે. ખરા વિશ્વાસુ શિષ્યોને ખૂબ સહન કરવું પડશે. અવિશ્વાસીઓ તેમના પર જુલમ કરશે. પરંતુ એ બધાયના કરતાં વધારે હું પોતે સહન કરીશ. મારા ભક્તોના ભલા માટે મારે એક અગ્નિસ્નાનમાંથી પસાર થવાનું છે. એ પતી જાય ત્યાં સુધી મારી ભીંસનો કોઈ પાર નથી.

ક્ષમા સાત વાર નહીં, સિત્તેર વખત સાત વાર એટલે ૪૯૦ વાર, અસંખ્ય વાર.

પ્રકાશ તમારી વચ્ચે થોડો સમય છે. પ્રકાશ છે ત્યાં સુધી

ચાલતા રહો, નહીં તો અંધકાર તમને ઘેરી લેશે. પ્રકાશ ઉપર વિશ્વાસ મૂકો જેથી તમે પ્રકાશમય બની જાઓ.

મેં જેમ તમારા ઉપર પ્રેમ રાખ્યો છે તેમ તમે પરસ્પર પ્રેમ રાખો એ જ મારી આજ્ઞા છે. માણસ પોતાના મિત્રો ખાતર પ્રાણ પાથરે એના કરતાં મોટો પ્રેમ કોઈ છે જ નહીં. મારી આજ્ઞા પ્રમાણે તમે ચાલો તો તમે મારા મિત્ર જ છો. હવે હું તમને મારા સેવક કહેતો નથી, કારણ કે પોતાના માલિક શું કરે છે એની સેવકને ખબર નથી હોતી. મેં તો તમને મિત્રો કહ્યા છે; કારણ મેં જે કંઈ મારા પિતા પાસેથી જાણ્યું છે તે બધું તમને જણાવ્યું છે.

તમે મને પસંદ નથી કર્યો પણ મેં તમને પસંદ કર્યા છે અને એટલા માટે તમારી નિમણૂક કરી છે કે, તમે જાઓ અને સદા ટકે એવાં ફળ આપતા રહો જેથી મારા નામે જે કંઈ તમે મારા પિતા પાસે માગો તે તમને મળી રહે.

સંસાર તમારો દ્વેષ કરતો હોય તો જાણજો કે તમારો દ્વેષ કરતાં પહેલાં તેણે મારો દ્વેષ કર્યો છે. તમે જો સંસારના રહ્યા હોત તો સંસાર પોતાના ગણી તમારા ઉપર પ્રેમ રાખત પણ તમે સંસારના રહ્યા નથી. કારણ, મેં તમને સંસારમાંથી તારવી કાઢેલા છે.

આ બધું મેં તમને એટલા માટે કહ્યું છે કે, તમારી શ્રદ્ધા ડગી ન જાય.

—'કેવળ પ્રભુપ્રેમ'



# ॥ શ્રી રમણની સર્વ પ્રત્યેની કરુણા ॥

આજે સવારે જે સમયે ભગવાન (શ્રી રમણ મહર્ષિ) રોજ બહાર જાય છે તે વખતે પહાડ પર જવાને રસ્તે જ્યાં પગથિયાં છે ત્યાં કેરીઓ તોડવા માટે બોલાવેલા મજૂરોએ કેરીઓ પાડવા માટે આંબા ઉપર લાકડીઓ મારવા માંડી. લાકડીના ઘાથી કેરી સાથે પાંદડાં પણ ઢગલે ઢગલા તૂટવા માંડ્યા અને નીચે ભેગાં થવા માંડ્યાં.

લાકડી મારવાનો અવાજ સાંભળીને જ ભગવાને પોતાના પરિચારકને લાકડી મારવાની ના પાડવા મોકલ્યો હતો. જ્યારે તેઓ રોજની જેમ બહાર નીકળ્યા ત્યારે એમણે પાંદડાંનો ઢગલો જોયો. એ ક્રૂર દૃશ્ય ભગવાનથી સહન ન થયું, તેથી તેઓ કઠોર સ્વરમાં બોલ્યા : 'બહુ થયું. જાઓ હવે. જ્યારે ફળ ભેગાં કરવાં હોય ત્યારે ઝાડને ઝૂડી નાંખવાનું જેથી બધાં પાંદડાં પણ ખરી જાય ? આપણને ફળ આપે છે એના બદલામાં આપણે ઝાડને લાકડીઓ મારવાની ? ઝાડને મારવાને બદલે એને મૂળથી જ કાપી નાંખો.'

ભગવાનના સ્વરમાં વીજળીનો કડાકો હતો, જે સૌના કાનોમાં એવો ગૂંજ્યો કે સૌ ભય પામી ગયાં. ઊંચા વાંસડા નીચે આવ્યા અને એને જમીન પર મૂકીને મજૂરો હાથ જોડીને પૂતળાંની જેમ ઊભા રહી ગયા. જ્યારે મેં ભગવાનની આ ક્રોધિત મૂર્તિ જોઈ, જે પ્રકૃતિ માટે કરુણાથી ઉભરાતી હતી; ત્યારે મારા હૃદયના ધબકારા વધી ગયા અને આંખોમાંથી અશ્રુ ઝરવા માંડ્યાં. જેને ઝાડનાં તૂટેલાં પાન જોઈને આટલી પીડા થાય છે, એ માનવીનાં દુઃખ સાંખી શકે ? ભગવાન રમણ ખરેખર કરુણાના અમૃતથી ભરેલો સમુદ્ર છે.

ભગવાન ગૌશાળા તરફથી ફરીને આવ્યા ત્યાંસુધીમાં ભક્તોએ બધાં પાન ભેગાં કરી લીધાં હતાં. અને એમને ભૂલની ક્ષમા આપવાનું કહેતાં હતાં. ભગવાન કક્ષમાં જતાં જતાં બોલ્યા : 'કેટલી ક્રૂરતા ! જુઓ તો ઝાડને કેટલો માર મારવામાં આવ્યો ! પાનનો ઢગલો તો જુઓ કેવડો મોટો છે ! ઓહ !'

ભગવાન જ્યારે વિરુપાક્ષ ગુફામાં રહેતા હતા ત્યારે એચમ્માએ પોતાના ઘરમાં ભગવાનની અને શેષાદ્રી સ્વામીની જે છબીઓ મૂકેલી, તેની એક લાખ કૂણાં પાન ચડાવીને પૂજા કરવાનો સંકલ્પ કર્યો અને ભગવાનને કહીને પૂજા પ્રારંભી. પણ આ પૂજા કરતાં કરતાં ઉનાળો આવી ગયો એટલે આખા પહાડ પર ફરીફરીને પણ જોઈતાં પાન મળતાં નહોતાં. છેવટે થાકીને એમણે ભગવાન સામે પોતાની મૂંઝવણ મૂકી. એટલે ભગવાને કહ્યું : 'તમને પાંદડાં નથી મળતાં તો પોતાના શરીરે ચૂંટી ભરીને પૂજા કેમ નથી કરતાં ?' એ બોલ્યાં : 'ઓહ ! પણ એ તો દુઃખે ને ?' ત્યારે ભગવાને કહ્યું : 'જો તમને ચૂંટી ભરવાથી દુઃખે તો ઝાડને નહીં દુઃખતું હોય ? તમે એનાં પાન તોડો ત્યારે ?'

આ સાંભળી ઝંખવાઈ ગયેલાં એચમ્મા બોલ્યાં : 'તમે મને પહેલાં કેમ ન કહ્યું સ્વામીજી ?' તો ભગવાને જવાબ આપ્યો કે, 'તમે જાણો છો કે શરીર પર ચૂંટી ભરવાથી દુઃખે છે તો તમે કેમ જાણતા નથી કે, ઝાડનાં પાંદડાં તોડશો તો ઝાડને દુઃખ થશે, મારે એ તમને કહેવું પડે ?'

'દેવીકાલોત્તર સ્તોત્ર'માં કહેવામાં આવ્યું છે : 'મૂળીયાં ઉખેડવાં ન જોઈએ, પાન તોડવાં ન જોઈએ, જીવિત પ્રાણીઓને પીડા ન પહોંચાડવી જોઈએ, અને ફૂલો ચૂંટવાં ન જોઈએ.'

—સુરિ નાગમ્મા(અનુ. ભારતી-ગીતા)



# ॥ સાચું બોલે તે બ્રાહ્મણ ॥

સત્યકામ નામે એક યુવાન હતો તેની માતાનું નામ જબાલા હતું તે વિધવા હતી એક વાર સત્યકામે માતા ને પૂછ્યું, "મા, મારે ગુરુકુળમાં ભણવા જવું છે, મારું ગોત્ર કયું ?" જબાલા કહે છે : "બેટા તારા પિતાના અવસાન પછી ઘણો સમય વીતી ગયો તેથી ગોત્રનું નામ મને યાદ નથી" ગુરુકુળમાં જઈને તું કહેજે ગોત્ર વિષે મારી માતાને પૂછ્યું હતું મને કહ્યું હતું કે ઘણો લાંબો સમય વીતી જવાથી ગોત્રનું નામ હું જાણતી નથી મારું નામ સત્યકામ છે મારી માતાનું નામ જબાલા છે હું સત્યકામ જબાલા છું.

આટલું કહીને સત્યકામ ગુરુકુળમાં ગયો. ગુરુ હારિયુમતે યુવાનને પૂછ્યું તારું ગોત્ર કયું સત્યકામે માતાએ જે કઈ તેને કહ્યું હતું તે ગુરુને કહી દીધું ગુરુ પ્રસન્ન થયા. હે સત્યકામ તું સમિધ લાવ, હું તારા ઉપનયન સંસ્કાર કરીશ સત્યકામ સમધિ લાવ્યો ગુરુએ તેના ઉપનયન સંસ્કાર કર્યા અને પછી ગુરુએ તેને ચારસો ગાયો આપી સત્યકામે પ્રતિજ્ઞા કરી જે જ્યાં સુધી એક હજાર ગાયો ન થાય ત્યાં સુધી હું પાછો ગુરુકુળમાં પ્રવેશ કરીશ નહીં.

પછી ઘણો લાંબો સમય વીતી ગયો જ્યારે એક હજાર ગાયો થઈ ત્યારે સત્યકામ ગુરુકુળ માટે પાછો ફર્યો એ પ્રસંગે ચાર રાત્રી દરમિયાન પ્રકૃતિનાં તત્ત્વોએ સત્યકામને બ્રહ્મના ચતુષ્પાદનું જ્ઞાન આપ્યું. ગુરુએ જ્યારે સત્યકામને જોયો ત્યારે તેના મુખ ઉપર બ્રહ્મતેજ જોયું તેથી ગુરુએ પૂછ્યું "હે સત્યકામ

તને કોણે બ્રહ્મજ્ઞાન આપ્યું સત્યકામે કહ્યું કે મને મનુષ્યો થી ભિન્ન પ્રકૃતિનાં તત્ત્વોએ હંસ, વૃષભ વગેરેએ મને બ્રહ્મજ્ઞાન આપ્યું. છતાં હે ગુરુદેવ તમે મને પોતે બ્રહ્મનું જ્ઞાન આપો કારણ કે ગુરુ પાસેથી શીખેલી વિદ્યા જ જીવનમાં સફળતા અપાવે છે. આ રીતે સત્યકામે સાચું બોલીને ઉપનયન સંસ્કાર પ્રાપ્ત કર્યું.''

આ વાર્તાનો સાર એ છે કે બ્રાહ્મણ હોય તે સાચું બોલે તેવો નિયમ નથી પરંતુ આનાથી ઉલટું વિશ્વમાં જે કોઈ મનુષ્ય ગમે તેવા સંજોગોમાં સત્ય બોલે તેને બ્રાહ્મણ કહેવાય.

–ડૉ. લક્ષ્મેશ જોશી

### શ્રદ્ધાનો પ્રત્યુત્તર

ભક્તની શ્રદ્ધાનો પ્રત્યુત્તર પ્રભુ આપે જ છે; એ માટે નામદેવની કથા પ્રસિદ્ધ છે. એકવાર જ્ઞાનદેવ સાથે યાત્રાએ નીકળેલ નામદેવને જ્ઞાનદેવ પૂછે છે; 'તમને તરસ નથી લાગી ?' તેમણે કહ્યું; 'તરસ તો લાગી છે પણ કૂવાના પડને ભેદી શકું એવી આપના જેવી સિદ્ધિ મારી પાસે ક્યાં છે ? પણ મારી તરસની વિઠોબાને ખબર છે. વિઠોબા આવશે ને જળ પાશે.' એમ બોલતાં જ આકાશમાંથી જાણે ઈન્દ્રનું વજ્ર કૂવા પર ત્રાટક્યું ! કૂવાનો પાષાણ ચૂરચૂર થઈ ગયો; એમાંથી જળનો ધોધ વહ્યો; જળ છેક સપાટી સુધી આવ્યું ને નામદેવે જળ પીધું. ભક્તિની શક્તિ અને ભક્તની શ્રદ્ધા જોઈ જ્ઞાનદેવ નામદેવને ભેટી પડ્યા, કહ્યું; 'ધન્ય છે ભક્તરાજ ! તમને ધન્ય છે.'



## ll The meaning of Association ll

A Rain-drop from the sky,

If it is caught by clean hands, is pure enough for drinking. It it falls in the gutter its value drops so much that it can't be used even for washing your feet If it falls on a hot surface, it will evaporate If it falls on a lotus-leaf it shines like a pearl and finally if it falls on an 'oyster' it becomes a pearl...

The drop is the same but its existence and worth depends on whom it is associated with.

Always associate. with people who are good at heart. you will experience your own 'inner transformation.'

–Swami Vivekanand

### સત્સંગનો મહિમા

આકાશમાંથી વરસતા વરસાદનું એક ટીપું

★ જો સ્વચ્છ હાથોથી ઝિલાય તો એ પી શકાય એવું શુદ્ધ હોય છે.

★ જો એ ગટરમાં પડે તો એનું મૂલ્ય એટલું તો ઘટી જાય કે તમારા પગ ધોવા માટે ય ના વાપરી શકાય.

★ જો એ ઉષ્ણ સપાટી પર પડે તો તેમાંથી વરાળ બંધાય.

★ જો એ કમળપત્ર પર પડે તો મોતીની જેમ ચમકે.

★ જો એ છીપમાં પડે તો એમાંથી મોતી બને.

ટીપું-જલબિંદુ એક જ છે, પણ એનું અસ્તિત્વ અને મહત્તા એના પર નિર્ભર છે, જેની સાથે એ સંકળાય છે.

હંમેશાં ઉમદા હૃદયના માનવીઓ સાથે સંપર્કમાં રહો તો તમે તમારું પોતાનું આંતરિક રૂપાંતર અનુભવશો.

—સ્વામી વિવેકાનંદ

'Don't spend and waste your lives accumulating objects that will only turn to dust and ashes. Pursue not so much the material as the ideal, for ideals alone invest life with meaning and are of enduring worth.

Add 'love' to a house and you have a 'home'. Add 'righteousness' to a city and you have a 'community'. Add 'truth' to a pile of red brick and you have a 'school'. Add 'religion' to the humblest of edifices and you have a 'sanctuary'. Add 'justice' to the far-flung round of human endeavour and you have 'civilization'.

Put them all together and you have a future lit with the radiant colours of hopes.'

**–Alexander Schindler**



## ॥ તમે જ તમને મળો ॥

એક સમય આવશે
જ્યારે, ગર્વથી
તમે, તમને જ સત્કારશો
તમારા જ દ્વારે, તમારા જ દર્પણમાં
તમે એકબીજાને સ્મિત આપતાં કહેશો : 'ભલે પધારો'
અને કહેશો, અહીં બેસો. જમી લો.
તમે ફરી એકવાર તે અજાણ્યાને પ્રેમ કરશો જે તમે જ છો.
તેને ચા નાસ્તો આપો. તેને તમારું હૃદય પાછું આપો.
તેને માટે, જે અજાણ્યો જણ જે તમને પ્રેમ કરતો રહેશે
તમારી આખી જિન્દગી, જેની તમે અવગણના કરી હતી
બીજાઓ માટે, તે તમને હૃદયથી ઓળખે છે.
કબાટમાંથી પ્રેમપત્રો,
ફોટોગ્રાફસ, અકળાવી મૂકે તેવી નોંધો બહાર કાઢો,
આરસીમાંથી તમે તમારી પોતાની છબી ઉતરડી નાખો
બેસો નિરાંતે.
તમારા જીવનને ઉજવો—ઉજાણી કરો.

—ડેરેક વોલ્કોટ ('વેસ્ટ ઇંડિઝ'ના કવિ)